સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૪/૦૭/૨૦૨૫, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૧ અષાઢ વદ-અમાસ વર્ષ : ૧૬ અંક : ૧૯૧



સુવિચાર
સતત વહેણનાં સંપર્કમાં રહેવા છતાં કાંઠો ત્યાંનો ત્યાં જ રહે છે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



હરિૐ PENDAWALA
દિવાસા નિમિતે...
ફરાળી પેટીસ
ફરાળી ખિચડી
આખો દિવસ ગરમા ગરમ મળશે
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.8999990099


## કલેકટર કચેરીની ૫૦ મીટર ત્રિજયાને પ્રતિબંધિત જાહેર કરવાને બદલે

# અમરેલી કલેકટર કચેરીનાં ૭૦ કિ.મી. વિસ્તારને પ્રતિબંધિત જાહેર કરો

### પ્રદેશ કોંગ્રેસનાં મહિલા અગ્રણી જેનીબેન ઠુંમરે ટવીટ્ટર દ્વારા જબ્બરો કટાક્ષ કર્યો

### ૭૦ કિ.મી. વિસ્તારમાં દારૂનાં હાટડા બંધ થાય, ડ્રગ્ઝનું વેચાણ ન થાય, કોઈપણ ગુન્હાખોરી ન થાય

### વ્યાજખોરોનો ત્રાસ બિલકુલ ન થાય, વેપારીઓ પાસેથી હપ્તો ન વસુલાય, ૭૦ કિ.મી. સુધીમાં માર્ગો સરખા થાય

### કોંગી નેતાએ જબ્બરો કટાક્ષ કરતાં જિલ્લાનું રાજકારણ ગરમાશે તે નક્કી

અમરેલી, તા. ૨૩

અમરેલી કલેકટર કચેરીની આસપાસનો ૫૦ મીટર વિસ્તાર પ્રતિબંધિત જાહેર કરીને તેમાં કોઈએ ઉપવાસ પર ન બેસવા, પારણા કે સભા, સુત્રોચ્ચાર અને અફવાઓ ન ફેલાવવા તેમજ હથિયાર કે ઝેરી પદાર્થ સાથે લાવવા ઉપર ૧૯ જુલાઈથી ૧૬ સપ્ટેમ્બર સુધી જાહેરનામુ પ્રસિધ્ધ કરાતાં પ્રદેશ કોંગ્રેસનાં મહિલા અગ્રણી જેનીબેન ઠુંમરે સોશયલ મીડિયા પ્લેટફોર્મ ''એકસ'' પર કટાક્ષ કરતું જબ્બરૂ ટવીટ વાયરલ કરેલ છે.

તેઓએ જણાવેલ છે કે, અમરેલી જિલ્લા કલેટકરને વિનંતી કરૂ છું કે કલેકટર કચેરીની ૫૦ મીટર ત્રિજયા પ્રતિબંધિત કરવાના બદલે કચેરીનો ૭૦ કિ.મી.નો વિસ્તાર પ્રતિબંધિત કરો કે જયા...

દારૂના હાટડા બંધ થાય, ડ્રગ્સનું વેચાણ ન થાય, કોઈપણ ગુનાખોરી ન થાય, વ્યાજખોરોનો ત્રાસ બિલકુલ ન થાય, વેપારીઓ અને અન્ય વર્ગ પાસેથી હપ્તો ન લેવાય, કોઈપણ ગુનેગારોની એન્ટ્રી આટલા વિસ્તારમાં ન થાય, ૭૦ કિ.મી. સુધીનાં રસ્તાઓ સરખા થાય, સરકાર તરફથી મળતી પાયાની જરૂરિયાતો પુરી મળે, ગરીબો, વંચિતો અને શોષિતોને પુરતો ન્યાય મળે, ઈકોઝોનનાં નામે અન્યાય ન થાય, તમામ સરકારી લાભો ઘર-ઘર સુધી મળતા થાય, બેરોજગારી માટે કંપનીઓ સ્થાનિકોને રોજગારી આપતા થાય, નકલી શાળાઓ અને દવાખાનાઓ બંધ થાય.

આવા અનેક પ્રશ્નો માટે ૭૦ કિ.મી. સુધીનો વ્યાપ વધારવો જેથી આંદોલન કરવા કોઈને આવવું જ ન પડે તેમ અંતમાં જણાવેલ છે.

## સાગરખેડુ ટ્રસ્ટ અને સિટીઝન ફોરમનાં પ્રમુખ સહિત જોડાયા

# જાફરાબાદની જુદી-જુદી સંસ્થાનાં આગેવાનોએ અમરેલી એકસપ્રેસની શુભેચ્છા મુલાકાત લીધી

### જાફરાબાદ પંથકનાં વિવિધ પ્રશ્નો અંગે ચર્ચા થઈ

અમરેલી, તા. ૨૩

આજરોજ અમરેલી એકસપ્રેસ કાર્યલાય ખાતે એડીટર મનોજભાઈ રૂપારેલની સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ આર. સોલંકી તથા ટ્રસ્ટી જીતનભાઈ ભાલિયા તથા સિનિયર સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટસના નેશનલ ચેરમેન એચ.એમ. ઘોરી બન્ને (એનજીઓ) દ્વારા શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાતમાં જાફરાબાદ તાલુકાના વિકાસના પ્રશ્નો તથા સાગરખેડૂના મત્સ્યોદ્યોગ વન ઉકેલાયા પ્રશ્નો તથા ખલાસીઓના અને વિકાસના પ્રશ્નો વિશે વિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી તેમજ અમરેલી એકસપ્રેસ



દૈનિકના માધ્યમ દ્વારા સરકાર સુધીમાં પહોંચાડવામાં આવશે તેની તંત્રીએ ખાતરી આપી હતી અને પ્રતિક રૂપે એડીટરને કાસ્ટની બોટ પ્રતિક રૂપે અર્પણ કરવામાં આવી હતી. અમરેલી એકસપ્રેસ નાગરિકોના પ્રાણપ્રશ્નનો દૈનિકના માધ્યમથી ઉજાગર કરે છે. લોકોની સમસ્યાના પ્રશ્નો હલ કરે છે. તેથી અમરેલી એકસપ્રેસ છેવાડાની જનતા સુધી તેઓની પ્રાણપ્રશ્નોની વાચા આપે છે.

## સરકાર માત્ર અવનવા વિકાસનો દાવો જ કરે છે

# રાજુલા શહેરની સરકારી હોસ્પિટલમાં એમ્બ્યુલન્સનાં અભાવે દર્દીનારાયણ પરેશાન

### એમ્બ્યુલન્સ શરૂ ન થાય તો આંદોલન કરાશે : કોંગ્રેસ

રાજુલા, તા. ૨૩

સરકારના ફકત કાગળ પર જ સારા કામ? તાજેતરમાં સરકાર દ્વારા દર્દીઓને વધુ સુવિધા પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા જીવીકે ૧૦૮ સાથે કરાર કર્યો અને સમગ્ર ગુજરાતમાં સરકારી હોસ્પિટલની એમ્બ્યુલન્સનો સંચાલન આ કંપનીને સોંપવામાં આવ્યો. જેમાં ખાસ કરીને અમરેલી જિલ્લાના રાજુલા શહેરની સરકારી હોસ્પિટલની બંને એમ્બ્યુલન્સો આજે આ કંપનીએ સંભાળી તેને પંદર દિવસ જેવો સમય થવા આવ્યો છે. ૧૫ દિવસથી આ સરકારી એમ્બ્યુલન્સ આ




કંપનીએ સંભાળી છતાં હજુ પાયલોટ કે ડોકટરની સુવિધા ન હોવાથી આ બંને એમ્બ્યુલન્સ આજે ૧૫ દિવસ બંધ

અનુસંધાન પાના ૬ ઉપર

## માધવપુર (ઘેડ) ગામની મહિલા છેતરપીંડીનો ભોગ બની

# ધારીમાં સસ્તુ સોનું આપવાનાં બ્હાને નકલી સોનુ પધરાવી દેનાર બાવરી ગેંગનાં ૩ સભ્યો ઝડપાયા

### એલસીબીએ રૂપિયા ૯.૫૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો



અમરેલી, તા. ૨૩

સસ્તુ સોનુ આપવાના બ્હાને નકલી સોનું આપી દસ લાખની છેતરપીંડીના ધારી પોલીસ સ્ટેશનના ગુનાના કામે છેતરપીંડી કરનાર બાવરી ગેંગના ત્રણ સભ્યોને રોકડ રકમ, નકલી સોનાના સિક્કા તથા રીક્ષા સહિતનો મુદ્દામાલ મળી કુલ કિંમત રૂપિયા ૯,૫૮,૦૦૦ના મુદ્દામાલ સાથે અમરેલી એલ.સી.બી. ટીમે પકડી પાડી ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આ બનાવમાં પોરબંદર જિલ્લાના માધુપુર (ઘેડ), ગામે આવેલ સાગર શાળાની બાજુમાં રહેતા વનીતાબેન કાનાભાઈ ચૌહાણને જુનાગઢ જિલ્લાનાં માંગરોળ ગામે રહેતા આરોપી જાબીરભાઈ ઈકબાલભાઈ બાનવાર તથા આસીફભાઈ હૈદરભાઈ રફાઈ તથા બીજા બે અજાણ્યા માણસોએ સસ્તા ભાવે સોનુ ખરીદ કરવાની લાલચ આપી વિસમાં લઈ ગત. તા. ૧૬/૬/૨૫ નાં રોજ વનીતાબેનને ધારી ખાતે બોલાવી તેણી પાસેથી રૂપિયા દસ લાખ રોકડા લઈ અને સાચા સોનાના બદલે ખોટુ સોનુ આપી તેણી પાસેથી રૂપિયા દસ લાખ રોકડા લઈ વિસઘાત, ઠગાઈ કરી ગુનો કરેલ હોય. જે અંગે વનીતાબેને આરોપીઓ વિરૂધ્ધ ધારી પોલીસમાં ફરિયાદ નોંધાવેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. પોલીસ ટીમ દ્વારા આ ગુનામાં સંડોવાયેલ આરોપી અંગે સઘન તપાસ ધરવામાં આવેલ હતી. આ બનાવના ફરિયાદીની પુછપરછ કરી, આરોપીના વર્ણન અંગે માહિતી મેળવી, ગુનાના આરોપીને પકડી પાડવાના સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતાં. આ દરમ્યાન જ એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરાને બાતમી મળેલ અને ટેકનીકલ સોર્સ આધારે જુનાગઢ ગામે રહેતા દીલીપ જીવનભાઈ સોલંકી, ઈર ગંગારામ વાઘેલા તથા જુનાગઢ જિલ્લાના માંગરોળ ગામે રહેતા આસીફ ભીખુશા રફાઈ સહિત ત્રણ ઈસમોને પકડી પાડી અને પકડાયેલ ઈસમો પાસેથી રોકડ રકમ રૂપિયા ૬,૪૦,૦૦૦, એક સોનાનો સિક્કો વજન ૧.૪૦ મીલી ગ્રામ કિંમત રૂા. ૧૩,૦૦૦, સોના જેવા દેખાતા ધાતુના સિક્કા નંગ-૫૪૩ કિંમત રૂા. ૨,૦૦૦, એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૩,૦૦૦, એક ઓટો રીક્ષા નં. જી.જે.-૧૧ યુ.યુ.-૭૩૫૪ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૯,૫૮,૦૦૦નો મુદામાલ તથા નકલી સોનાના સિક્કા તથા વાહન સહિતનો મુદ્દામાલ કબ્જે કરી, પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમા સોંપી આપેલ છે.

આ બનાવના ઝડપાયેલા આરોપીઓએ આજથી આશરે સવા મહિના પહેલા ઈસમોએ બીજા આરોપી જુનાગઢ ગામે રહેતા રાજેશ ઉર્ફે રાજુભાઈ જીવનભાઈ સોલંકી, મોહનભાઈ ગંગારામભાઈ વાઘેલા

અનુસંધાન પાના ૬ ઉપર

## અલગ-અલગ વેપારીઓ સાથે છેતરપીંડી

# બગસરામાં રહેતા આરોપીએ સાયબર ક્રાઈમ કરતા ફરિયાદ નોંધાઈ

### છેતરપીંડી કર્યાની ફરિયાદ નોંધાતા તપાસ શરૂ

અમરેલી, તા. ૨૩

બગસરા ગામે રહેતા આરોપી હાર્દિક જયેશભાઈ આહલપરાએ કોઈ અજાણી વ્યકિત સાથે સાયબર ક્રાઈમથી છેતરપીંડી કરી પોતે પોતાના બેંક ખાતામાં ફ્રોડના નાણા મેળવી લઈ અને આ ફ્રોડના નાણા હોવાની હકીકત તેમજ આ ફ્રોડના નાણા જમા કરવાથી બેંક ખાતું ફ્રિઝ થશે તેવી હકીકત આરોપી જાણતો હોવા છતાં ગત તા. ૪/૪/૨૫ થી તા. ૧૩/૬/૨૫ નાં સમયગાળા દરમિયાન બગસરા ગામે નવી પોસ્ટ ઓફિસની સામે રહેતા નિકુંજભાઈ રમેશભાઈ સોજીત્રા નામના વેપારી તથા અમરેલી જિલ્લાનાં અલગ અલગ વેપારીઓના ખાતામાં તેમનો વિશ્વાસ કેળવી જાણીબુઝીને કપટપૂર્વક આરોપી પોતાની પત્નીનાં ખાતામાંથી ચુકવણી કરાવતો હોવાની ખોટી હકીકત જણાવી વેપારીના ખાતામાં રૂપિયા ૨૦,૦૦૦ ફ્રોડની રકમ જમા કરાવી તે નાણાના બદલામાં ચીજ વસ્તુઓ ખરીદીને પોતે રાખી લઈ આ વેપારી તથા અન્ય વેપારીઓ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી આ છેતરપીંડીના નાણાથી મેળવેલ મુદામાલ પોતે રાખી લઈ સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
90,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૩/૦૭/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨



નારી હોસ્પિટલ
ડો. ચિરાગ કુબાવત M.B.D.G.O.
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
naarihospitalamreli@gmail.com
હોસ્પિટલ માટે સ્ટાફ જોઈએ છે
:: રીસેપ્શનિસ્ટ ::
(કમ્પ્યુટર / ધો. ૧૨ પાસ) (લેડીઝ-૨)
પગાર ધોરણ : 5,000-7,000
:: કમ્પ્યુટર ઓપરેટર :: (લેડીઝ-૨)
ડેટા એન્ટ્રી, સોફટવેર શીટ એન્ટ્રી, મેડીકલ સ્ટોક મેનેજમેન્ટ, તેમજ ઓનલાઈન પ્રિસ્કીપ્શન રાઈટીંગ માટે અનુભવી
પગાર ધોરણ : 5,000-7,000
:: સમય ::
સવારે : ૯ : ૦૦ થી બપોરે ૩ : ૦૦
બપોરે : ૩ : ૦૦ થી રાત્રીના ૧૦ : ૦૦
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું ફોન કરવો નહીં



અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર...
મેગાસીટીમાં થતા કુવારા પધ્ધતિ (TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદરૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો.અભિષેક ઠાકર
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫
અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર Cash-less Hospital
નીચેની તમામ કંપનીના વીમા ધારકોનાં આંખનાં તમામ ઓપરેશનો જેમકે મોતિયો (ઉચ્ચ નેત્રમણી) સાથે, વેલ, ઝામર, નાસુર વગેરે તદન ફ્રી (કેશ લેસ) કરી આપવામાં આવશે.
STAR
TATA AIG INSURANCE WITH YOU ALWAYS
Medi Assist
SBI general
care
RELIANCE Health Insurance
BAJAJ Allianz

# લીલીયા મોટા : સરકારી વિનયન અને વાણિજય કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો







લીલીયા મોટા સરકારી વિનયન અને વાણિજય કોલેજ ખાતે ''પ્રકૃતિને પ્રેમ – વૃક્ષારોપણથી આરંભ'' અંતર્ગત એક સૌંદર્યમય વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભગતસિંહ યુવા સમિતિ બાબરાનો સહયોગ નોંધપાત્ર રહ્યો. આ પ્રસંગે કોલેજના સુંદર પ્રાંગણમાં વિવિધ જાતોના કુલ ૧૩૦ જેટલા વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું. જેમાં ખાસ કરીને આસોપાલવ, ગુલમોહર, જાસુદ, ચંપો, રાયણ, લીમડો, સીતાફળી, મહેંદી વગેરે જેવા ઔષધીય શોભાવાન અને ઉપયોગી વૃક્ષોનો સમાવેશ કરવામાં આવ્યો. કોલેજના પ્રિન્સિપાલ રાજેન્દ્રસિંહ રાઠોડના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સક્રિય અને શિસ્તબધ્ધ સંપન્ન થયો. તમામ અધ્યાપકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ, વૃક્ષારોપણની કામગીરી કરી. તેમજ વૃક્ષારોપણ દરમિયાન વિદ્યાર્થીઓએ પર્યાવરણ બચાવના સંદેશા સાથે પ્રતિજ્ઞા પણ લીધી કે તેઓ વૃક્ષોની સંભાળ લેશે અને પર્યાવરણ સુરક્ષા માટે સજાગ રહેશે. આ કાર્યક્રમનું મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યે પ્રેમ અને જવાબદારીની ભાવના જગાવવાનો હતો. ભગતસિંહ યુવા સમિતિના કાર્યકર અને ભારતીય સેનામાં કાર્યરત જવાનો સંદીપભાઈ નિમાવત, મિલન જાસલીયા સાથે હેમંત મીણા, ધ્રુવ રાઠોડ અને સભ્યોએ સાથે મળીને આ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરેલ હતો તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સામાજીક કાર્યકર્તા કાંતીલાલ પરમારની રજુઆત

## અમરેલી જિલ્લાના અનુ.જાતિની રહેણાંક વસ્તી ધરાવતા ગામોમાં સ્મશાનની જમીન નીમ કરો

### રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને વિસ્તૃત પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૩

અમરેલી જિલ્લામાં રહેતા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના લોકો માટે આવેલ હયાત સ્મશાનની સમસ્યાઓને તાત્કાલિક હલ કરી મૂળભૂત અને પાયાની સુવિધાઓ વધારવા માંગ કરી છે.

વધુમાં જણાવેલ છે કે, રાજકોટ જિલ્લામા ૯૦% કરતા વધારે ગામોમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ વર્ગના લોકો માટે સરકારી રાહે સ્મશાનની જમીન નીમ થયેલ નથી. આઝાદીના ૭૮ વર્ષ અને દેશમાં બંધારણ લાગુ થયાને ૭૫ વર્ષ થવા આવ્યા છતાય હજુ અનુસૂચિત જાતિના લોકો માટે મૂળભૂત અને પાયાની જાહેર સુખાકારીની જરૂરિયાત એવા સ્મશાનની જમીન નીમ કરવામાં આવેલ નથી અને ગામમાં કોઈ મરણ થાય તો અંતિમક્રિયા (દફનાવવા) માટે ભારે હાલાકી અને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. દરેક ગામમાં અનુસૂચિત જાતિના લોકો માટે સૌપ્રથમ સ્મશાનની જમીન નીમ કરવામાં આવે અને બાદમાં સ્મશાન સુધી જવા આવવા માટે જયાં પણ રોડ નથી ત્યાં રોડ બનાવવામાં આવે જે પણ ગામમાં અનુસૂચિત જાતિના લોકોના સ્મશાનની જગ્યામાં ચોમાસામાં પાણી ભરાતું હોય ત્યાં પાણી ન ભરાય તે માટેની જમીન ઉંચી લેવા સરકારી રાહે વ્યવસ્થા કરવી. જિલ્લાના જે પણ ગામોમાં હજુ સુધી સ્મશાનની જમીન નીમ થયેલ નથી, ત્યાં મહેસુલ લેન્ડ રેવન્યુ કોડ મુજબ તાત્કાલિક સ્મશાનની જમીન નીમ કરવી, જેમાં જમીન નીમ કરવા સ્થાનિક સતાતંત્ર દ્વારા સૂઓમોટો કાર્યવાહી શરૂ કરવી. જિલ્લામા જે ગામોમાં અનુસૂચિત જાતીના સ્મશાનની અંદર સ્મશાન છાપરૂં નથી, ત્યાં સરકારી રાહે



સ્મશાન છાપરી બનાવવામાં આવે.

જિલ્લામાં આવેલ અનુસૂચિત જાતિના લોકોના સ્મશાનમાં ડાઘુઓને બેસવાના બાંકડા નથી, ત્યાં સાંસદ કે ધારાસભ્ય કે અન્ય ગ્રાન્ટમાંથી રકમ ફાળવી બાંકડા મુકવાની વ્યવસ્થા કરવી. જિલ્લાના ગામોમાં અનુસૂચિત જાતીના સ્મશાનોમાં વરસાદી સીઝનમાં નદી–નાળા પાણીમાં આવતા સ્મશાન સુધી પહોંચી શકાતું નથી, આવા સંજોગો ઉભા થતા હોય ત્યાં નાળાની અને પાકા રસ્તાની વ્યવસ્થા સરકાર દ્વારા કરવી. જે ગામોમાં અનુસૂચિત જાતિના સ્મશનમાં ડાઘુઓને ન્હાવા માટે પાણીનો બોર, ટાંકો, અને વીજળીનું કનેકશન આપવું. જે ગામોમાં અનુસૂચિત જાતિના સ્મશનમાં કાંટા–ઝાડા ઝાંખરા આવેલ છે, જેસીબી લાવી સાફ કરાવડાવવામાં આવે.

જે ગામોમાં સ્મશાનની જમીન સમતળ નથી, જેસીબી મશીનથી સમતળ જમીન કરવામાં આવે. જે ગામોમાં નીમ કરેલ સ્મશાનની જમીન પુરી થઈ ગઈ હોય ત્યાં વધારાની સ્મશાનની જમીન નીમ કરવી. ગામમાં પ્રદુષણ અટકાવવા સમશાનમા ઝાડો વાવવા અને ઉછેરવા, આ કામે જંગલ વિભાગ દ્વારા ઝાડના રોપા અને પીંજરા પુરા પાડવા.

ગામમાં અનુસૂચિત જાતિના સ્મશાનમાં સ્મશાની ફરતે કમ્પાઉન્ડ વોલ (ચારેબાજુ ફરતી દીવાલ ) નથી. અથવા સ્મશાનની ફરતે વાયરથી ફેન્સીંગ કરેલ નથી, કમ્પાઉન્ડ વોલ અથવા ફેન્સીંગ કરાવવું.

ગામમાં અનુસૂચિત જાતિના સ્મશાનમાં, જયાં સ્મશાનની જમીનમાં અન્ય લોકોનું દબાણ છે, તે દબાણ દૂર કરાવવું, sc/st ( અત્યાચાર અટકાવ ) એકટ ૧૯૮૯, સુધારા અધિનિયમ ૨૦૧૫, અને લેન્ડ ગ્રેબિંગ એકટ મુજબ સુઓ મોટો કાર્યવાહી કરવી.

વધુમાં જણાવેલ છે, જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો માટેના સ્મશાનની જમીન નીમ કરવાની પ્રક્રિયા ખુબ જ ધીમી ચાલે છે, જે ગામોની સ્મશાનની જમીન નીમ કરવાની કાર્યવાહી પ્રાંત કચેરી, મામલતદાર કચેરી અને ગ્રામ્ય તલાટી દ્વારા ચાલતી હોય તેની કાર્યવાહી દિન – ૩૦ મા પુરી કરવા નિર્દેશ આપવો જરૂરી છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના લોકોના સ્મશાનમા સુવિધાઓ વધારવા SCSP (અનુસૂચિત જાતિ સબ–પ્લાન–ખાસ અંગભુત યોજના), STSP ( અનુસૂચિત જન જાતિ સબ – પ્લાન – ખાસ અંગભુત યોજના – ટ્રાઈબલ સબ પ્લાન) સાંસદ ગ્રાન્ટ, ધારાસભ્ય ગ્રાન્ટ, એટીવીટી (આપણો તાલુકો વાયબ્રન્ટ ) ગ્રાન્ટ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, ગ્રાન્ટ, વિવેકાધિન ગ્રાન્ટ, ૫% પ્રોત્સાહક ગ્રાન્ટ, અને તાલુકા અને જિલ્લાની સામાજિક ન્યાય નિધિમાંથી વિકાસના કામો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટ ફાળવી આ સુવિધાઓ પુરી પાડવી. તેમ અંતમાં જણાવેલ છે.

## લીલીયા મોટા ખાતે સ્વચ્છતાલક્ષી કામગીરીની મુલાકાત કરતા ધારાસભ્ય મહેશ કસવાલા




લીલીયા મોટા, તા. ૨૩

લીલીયા મોટા ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા સ્વચ્છતા કામગીરી અંગે મુલાકાત કરેલ જેમાં થોડા દિવસો પહેલા સાઈનાથ પ્લોટ વિસ્તારના રહીશો દ્વારા રોડ, રસ્તા, ગટર જેવા પ્રશ્નોને લઈને વિસ્તારના રહીશો દ્વારા તાલુકા પંચાયત કચેરી, મામલતદાર કચેરી પર જઈને આવેદન પત્ર આપવામાં આવેલ હોય જે અન્વયે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેનના પ્રતિનિધિ ભીખાભાઈ ધોરાજીયા, સરપંચ જીવનભાઈ વોરા સહિતના અધિકારીઓ પદાધિકારીઓ દ્વારા સાંઈનાથ પ્લોટ વિસ્તારના પ્રશ્નની ગંભીરતા સમજી સનાળીયા રોડ પર આવેલ ફાટકથી લઈને પીપળવા રોડના ફાટક સુધી વિસ્તારમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા ચાલીને વિસ્તારની મુલાકાત લઈ વિસ્તારના રહિશોને પડતી અગવડતાનો તાગ મેળવી નાયબ કાર્યપાલક ઈજનેર પડસાલાને સાઈનાથ પ્લોટ વિસ્તારમાં આવી જરૂરી રસ્તાઓની તેમજ સુવિધાઓનું સર્વે કરવા ટેલીફોનિક સૂચના ધારાસભ્ય દ્વારા આપવામાં આવી સાથે સાથે સાયનાથ પ્લોટ વિસ્તારમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણી વિસ્તારમાં ઘુસી જતું હોય છે બાબતે પણ રેલવેના અધિકારીઓને ટેલીફોનિક વાત કરી તાત્કાલિક પ્રશ્નોનું નિરાકરણ લાવવા ધારાસભ્ય દ્વારા સૂચના આપવામાં આવી હતી તેમજ લીલીયામાં ચાલતા ગટર કામ જેમાં ભરવાડ શેરીમાં ચાલતા ગટર કામ અંગે માહિતી ધારાસભ્યએ મેળવી આ તકે એજન્સીના તુષારભાઈ માંડલિયાને કામ બાબત જરૂરી માર્ગદર્શન અને ગટર કામ ઝડપ સાથે ગુણવત્તાયુકત કરવા સૂચના આપવામાં આવેલ સાથે સાથે ભરવાડ શેરી, ગઢ શેરી, સાંઈનાથ પ્લોટ વિસ્તારમાં સફાઈ કામગીરી હાથ ધરવામાં આવેલ આ કામગીરીમાં તાલુકા પંચાયત લીલીયાનો સ્ટાફ તથા ગ્રામ પંચાયત લીલીયા સ્ટાફ દ્વારા સંયુકત રીતે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવેલ આ તકે લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી ગેતમભાઈ વિછીયા, અરૂણભાઈ પટેલ, બાબુભાઈ ધામત, કેપ્ટન ધામત, રાહુલ સાનિયા, જીતેન્દ્ર ડાભી, સહિત વિસ્તારના નાગરિકો મોટી સંખ્યા માં ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સેમ–૧નાં વિદ્યાર્થીઓનું સેમ–૩નાં વિદ્યાર્થીઓ દ્વારા થયુ સ્વાગત

## ખાંભાની સરકારી કોલેજમાં નવા વિદ્યાર્થીઓનુ પરિચય સત્ર યોજાયુ

### વિદ્યાર્થીઓએ વિવિધ કલાઓ રજુ કરી




ખાંભા, તા. ૨૩

ખાંભા સરકારી વાણીજય અને વિનયન કોલેજમાં શૈક્ષણિક ૨૦૨૫–૨૬ માટે તારીખ ૨૨/૭/૨૦૨૫ના રોજ પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું પરિચય સત્રનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં સેમ–૧ના વિદ્યાર્થીઓનું સ્વાગત સેમ–૩ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો શુભારંભ મંગલાચરણ સાથે થયો હતો. જેમાં પરિચય સત્ર સાથે સેમ ૧ અને સેમ ૩ના વિદ્યાર્થીઓ દ્વારા પોતાની કલા અને કૌશલ દ્વારા સંગીત, ભજન, સ્પીચ, કવિતાનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના ઈન્ચાર્જ આચાર્ય નીરજ આર. આર્ય દ્વારા સંબોધન કરવામાં આવ્યું કે આ સમય વિદ્યાર્થી જીવનનો સુવર્ણકાળ છે તમારા ભવિષ્યની ચાવી જેને કહી શકાય છે અને આ કાર્યક્રમનું સંચાલન પ્રાધ્યાપિકા દીપલીબેને કર્યુ હતું. તેમજ કાર્યક્રમની વ્યવસ્થા અને સંચાલન સત્યદીપસિંહ અને ધ્રુવરાજસિંહ દ્વારા કરવામાં આવ્યું હતું. અને આ કાર્યક્રમનું સમાપન ધન્યવાદ અને શાંતિમંત્ર સાથે થયું હતું.

સંજય ટાયર્સ સંજય ટ્રેડલીંક

બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કુલ સામે, અમરેલી

સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો–રૂમ પાસે, અમરેલી.



ટાયર–ટયુબ, ઓઈલ–ગ્રીસ, વ્હીલ પ્લેટ –ધરા, જેક–ફીલ્ટર, બેટરી રીટેઈલ તથા હોલસેલ

કોમ્પ્યુટર રાઈઝ એલાઈમેન્ટ, બેલેનસીંગ, ઓટોમેટીક ટાયર ફીટીંગ, નાઈટ્રોજન એર, સર્વિસ ઉપલબ્ધ

YOKOHAMA CEAT JKTYRE MRF apollo EUROGRIP BRIDGESTONE GOODYEAR ALLIANCE MICHELIN Castrol HP TAPARIA BOSCH ASCENSO RUBBER KING JAINSON

# સાવરકુંડલામાં માતાજીની પૂજા સામગ્રી અને દશામાની મૂર્તિની ખરીદી કરવા માટે ભારે ભીડ






આવતીકાલથી દશામાંના વ્રતનો પ્રારંભ થવાનો હોય આજરોજ સાવરકુંડલાની મેઈન બજારમાં માની પુજા સામગ્રી, મૂર્તિ વગેરે ખરીદવા માટે માના ભકતોની ભારે ભીડ જોવા મળી. ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને વ્રતોનું એક અનોખું સ્થાન હોય છે. તહેવારોમાં લોકો ખુબજ આસ્થા અને ભકિતભાવ સાથે માતાજીનું પુજન અર્ચન કરે છે. પૂર્ણ શ્રધ્ધા સાથે કરવામાં આવેલ વ્રતોનું ફળ માતાજી જરૂર આપે છે. એવા દ્રઢ સંકલ્પ સાથે સમાજમાં વિવિધ તહેવારો અને વ્રતોની ઉજવણી થાય છે. આવતીકાલથી દશામાના વ્રતનો પ્રારંભ થવાનો હોય આજે સાવરકુંડલા શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાંથી દશામાંમા અખુટ શ્રધ્ધા રાખનાર ભાવિકો માતાજીના ઉપાસકો માતાજીનછ પુજા સામગ્રી તેમજ દશામાની મૂર્તિ ખરીદવા માટે સાવરકુંડલાની બજારમાં ઉમટી પડેલ જોવા મળેલ. માતાજીના પરમ ઉપાસક અને છેલ્લા વીશ વરસથી દશામાનું વ્રત કરતાં એક માજીના કહેવા મુજબ આ માતાજીનું આ પર્વ દશ દિવસ ચાલે છે. ભાવિકો એક ટંક જમીને આ વ્રત કરતા હોય છે. આ દશ દિવસ દરમિયાન માતાજીના ગુણગાન ભકિત પુજન–અર્ચન, વાર્તા, ગરબા માની સ્તૃતિ વગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાય છે. મંડપ નાખીને ગોર મહારાજના મુખેથી વાર્તાનું પણ ભાવિકો શ્રધ્ધા સાથે શ્રવણ કરે છે. માતાજીની સ્તૃતિ પ્રસાદ વગેરે જેવા કાર્યક્રમો ખુબજ ઉમંગ ઉત્સાહ અને પૂર્ણ શુધ્ધ ભકિતભાવ સાથે યોજાય છે. દસ દિવસના વ્રત પૂર્ણ થયે માતાજીને વનમાં અથવા પાણીના આરે દીવો પ્રગટાવીને આવતા વર્ષે ફરી પધારવાની આગ્રહભરી વિનંતી સાથે ભાવભરી વિદાય આપવામાં આવે છે. સાચા મનથી કરેલ દશામાના વ્રત પુજન અર્ચનનું ફળ અવશ્ય મળે છે. એવું માતાજીનાં અગાધ શ્રધ્ધા રાખનાર માને છે. આમ આ દશ દિવસ દશામાના વ્રતની ઉજવણી કરવામાં આવે છે. ભાવિકોના મતે માતાજીના અનેક પરચા છે અને ખરા હૃદયથી માને માનનારા વર્ગનું હમેશા કલ્યાણ કરે છે. સાવરકુંડલાના વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી સાથે હર્ષદભાઈ જોશીએ આ સમગ્ર દ્રશ્યને કેમેરામાં કેદ કરી આ પર્વ નિમિતે સૌને દશામાં જય માતાજીના જય ઘોષ સાથે માતાજીમાં અખુટ શ્રધ્ધા ધરાવનાર તમામ ભાવિકોને આ પર્વની શુભકામનાઓ પાઠવી હતી.

# રોટરી કલબ ઓફ અમરેલી દ્વારા સુપર સ્પેશ્યાલીટી કેમ્પ યોજાયો



રોટરી કલબ ઓફ અમરેલી સીટી અને મેરિંગો સીમ્સ હોસ્પિટલ -અમદાવાદના સંયુકત ઉપક્રમે અમરેલી જીલ્લાના નાગરિકો માટે ખાસ વિનામુલ્યે સુપર સ્પેશ્યાલીટી કેમ્પનુ સુંદર આયોજન કરવામાં આવેલું હતુ જેમકે હૃદયરોગ, ન્યુરો, જોઈન્ટ રીપ્લેશ, ગાયનેક, ગેસ્ટ્રો, નેફ્રોલોજીસ્ટ, ઓન્કોલોજીસ્ટ, કાડીયાક ફીઝયોલોજીસ્ટ, હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ, કીડની રોગ માટેના સ્પેશ્યાલીસ્ટ ડોકટરની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ૩૨૪ દર્દીઓ પોતાના સ્વાસ્થ્યનુ નીદાન, સારવાર માટે આવેલ સાથે સાથે આવેલ જરૂરી લાગતા દર્દીને ઈસીજી, બ્લડસુગર, બીપી, આર. બી.એસ., બી. એમ.આઈ. જેવા ટેસ્ટ સ્થળ પર વિનામુલ્યે કરી આપવામાં આવેલ આ કેમ્પમાં વતનના રતન એવા હૃદયરોગ નિષ્ણાંત ડો. અનીશ ચંદારાણની વિશેષ પ્રેરક ઉપસ્થિત રહી હતી અને એમના મુખેથી સ્વસ્થ જીવન જીવવાની સુંદર માહિતી અને માર્ગદર્શન મળેલ રોટરી કલબ દ્વારા દરેક દર્દી અને સાથે આવેલ સગા વ્હાલા માટે સંપુર્ણ કેમ્પ દરમ્યાન ચા-નાસ્તોની વિનામુલ્યે સેવા રાખી હતી, અને આ કેમ્પમાં અમરેલીની નેત્ર ચિકીત્સા હોસ્પિટલના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ખાસ અને મેડીકલ કોલેજના ફાઈનલ વર્ષમાં અભ્યાસ કરતા ભાવી ડોકટર્સ પણ આકેમ્પના ડોકટર્સ સાથે સેવા આપેલ હતી. આ કેમ્પને સફળ બનાવવા પ્રોજેકટ ચેરમન યશ જસરાણી, કેતન પારેખ, હીતેષ વ્યાસ અને ચંદ્રેશ ઝીંઝુવાડીયા અને કલબ મેમ્બરો સાથે સભ્ય આનંદ પોપટ, રાકેશ વસાણી, હિરેન મોદી, હિતેશ પારેખ સાથોસાથ જીજીબેન ગર્લ્સ સ્કુલનાં ટ્રસ્ટ્રી રમેશભાઈ વિઠલાણી, તેમજ પ્રિન્સીપાલ રોહિતભાઈ મહેતાનો આભાર. દ્વારા સુંદર તૈયારી કરી કેમ્પને સફળ બનાવેલ કલબ પ્રેસીડેન્ટ અનીલ આડતીયા અને સેક્રેટરી, જીજ્ઞેશ મોદી દ્વારા દરેક ડોકટર્સને સ્મૃતિ ભેટ આપી અભિવાદન કરેલ અને કેમ્પને સફળ બનાવેલ.

### ધારાસભ્ય મહેશ કસવાલાનાં વરદ્હસ્તે

## સાવરકુંડલા ખાતે સ્વ. જયસુખભાઈ નાકરાણી માર્ગનું અનોખી શ્રદ્ધાંજલિ અને સન્માન સાથે લોકાર્પણ

### મહુવા માર્ગ ઉપર ''ફાટક મુકત'' સર્વિસ રોડને ખુલ્લો મુકાયો



સાવરકુંડલા, તા. ૨૩

સાવરકુંડલા- મહુવા રોડ પર નિર્માણાધીન રેલ્વે ઓવરબ્રીજની કામગીરી ચાલી રહી છે. ચોમાચામાં નાગરિકોને અવર-જવર દરમિયાન મુશ્કેલી ન થાય તે માટે તાત્કાલિક વૈકલ્પિક માર્ગ રૂપે આર.સી.સી. સર્વિસ રોડ નિર્માણ કરવામાં આવ્યું છે. આ સર્વિસ રોડથી સાવરકુંડલા મહુવા રોડના અવર-જવર કરતા નાના વાહન ચાલકોને મુશ્કેલીમાંથી દુર થશે. તેમજ આજ રોજ કર્મઠ સેવાનુંરાગી સ્વ. જયસુખભાઈ નનુંભાઈ નાકરાણી કે જેઓએ શહેર ભાજપ સંગઠનના મહામંત્રી તેમજ સાવરકુંડલા નગરપાલિકાના સતત ત્રણ ટર્મ વોર્ડ નંબર ત્રણના કોર્પોરેટર તરીકે જેમાં નગરપાલિકા ઉપપ્રમુખ, બાંધકામ સમિતિ ચેરમેન તરીકે સેવા આપી હતી. જેમના નામે નવા બનેલ પીપરવાડી -બાયપાસ રોડનું ભાજપના કર્તવ્યનિષ્ઠ અડીખમ યોદ્ધા સ્વ. જયસુખભાઈ નનુભાઈ નાકરાણી માર્ગનું નામકરણ કરવામાં આવ્યું. ભવિષ્યમાં આ રોડ બનાવથી પીપરવાડીના લોકોને બાયપાસ જવા માટે ૨.૦૦ કિમીનું અંતર ઘટશે અને સાવરકુંડલા શહેરને બાયપાસને જોડતા ફાટક મુકત એક નવા રસ્તાનો વિકલ્પ મળશે. આમ રસ્તાનું નામકરણ અને નવા આર.સી.સી. રોડનું લોકર્પણ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના હસ્તે કરવામાં આવ્યું.

આ તકે નનુભાઈ નાકરાણી, પૂજય સ્વામીજીઓ, નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી, કા.ચેરમેન અશોકભાઈ ચોહાણ, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, શહેર ભાજપ પ્રમુખ અનિરૂધ્ધસિંહ રાઠોડ, તાલુકા ભાજપ પ્રમુખ રજનીભાઈ ડોબરિયા, માર્કેટિંગ યાર્ડ ચેરમેન દીપકભાઈ માલાણી, પટેલ સમાજના પ્રમુખ ઘનશ્યામભાઈ જયાણી, નગરપાલિકાના હોદ્દેદારો, સદસ્યોઓ, તાલુકા ભાજપ તેમજ શહેર ભાજપના સંગઠન હોદેદારોઓ, પત્રકાર મિત્રો, જયસુખભાઈ નાકરાણીના મિત્રો ઉપસ્થિત રહ્યા.

### ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ જ એક સાચો માર્ગ

## રાજુલા અને જાફરાબાદના CRP અને કૃષિ સખીઓ પ્રાકૃતિક કૃષિના પ્રેરણાધામ સમા મોડેલ ફાર્મની મુલાકાતે

### બાગાયત અને શાકભાજીના ઉત્પાદન અને માર્કેટીંગની માહિતી મેળવી



અમરેલી, તા. ૨૩

આત્મા પ્રોજેકટ અમરેલી દ્વારા પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત રાજુલા અને જાફરાબાદ તાલુકાના સંયુક્ત ઉપક્રમે જિલ્લામાં પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. આ પ્રેરણા પ્રવાસના ભાગરૂપે અમરેલીના રાજુલા મુકામે આવેલા મુરલીધર પ્રાકૃતિક ફૂટ ફાર્મની પ્રાકૃતિક કૃષિના સંવાહક એવા સીઆરપી અને કૃષિ સખીની મુલાકાત કરવામાં આવી હતી. આ મુલાકાતમાં નોન મિશન ઓન નેશનલ ફાર્મિંગ અંતર્ગત કાર્યરત બંને તાલુકાના સીઆરપી (કોમ્યુનિટી રિસર્ચ પર્સન) અને કૃષિ સખીઓને પંચસ્તરીય મોડેલ ફાર્મની સમજ આપવામાં આવી હતી.

આ મુલાકાત વેળાએ અમરેલી આત્મા પ્રોજેકટના ડેપ્યુટી પ્રોજેકટ ડાયરેકટર, દિલીપભાઈ ચાવડા દ્વારા જીવામૃત વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. સાથે સાથે પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના, ધ્રુવભાઈ દેસાઈ દ્વારા પ્રાકૃતિક કૃષિ ખેતપેદાશોનું માર્કેટિંગ અને વેચાણ વ્યવસ્થા વિશે સમજૂતી આપવામાં આવી હતી.

આ પ્રેરણા પ્રવાસમાં મુરલીધર પ્રાકૃતિક ફૂટ ફાર્મના માલિક, દાનાભાઈ લાડુમોરે પોતાના ખેતરમાં વિવિધ પાકોના વાવેતર વિશે અને બાગાયત પાકો જેવા કે નારિયેળી (ડીટી) + સજીવ આચ્છાદન તરીકે શકરીયાના વાવેતર વિશે અને સફેદ જાંબુ, લાલ જાંબુ, જામફળ, ડ્રેગન ફ્રુટ, આંબા, લિંબુડી તેમજ શાકભાજીમાં રીંગણ, ધાણા, પાલક, મિકસ પાકના વાવેતર, માર્કેટિંગ વ્યવસ્થા વિશે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમનું સઘળું આયોજન રાજુલા આત્મા પ્રોજેકટના બ્લોક ટેકનોલોજી મેનેજર, દિનેશભાઈ સાવલીયા, જાફરાબાદના બ્લોક ટેકનોલોજી મેનેજર રાજેશભાઈ મકવાણા અને રાજુલા તાલુકા આસિસ્ટન્ટ ટેકનોલોજી મેનેજર શિવરાજભાઈ ધાખડા અને ભાવનાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું.


ખુશ ખબર સારા સમાચાર ખુશ ખબર TATA AIA LIFE INSURANCE ખુશ ખબર સારા સમાચાર
VACANCY Life Insurance Advisors
તમે પણ ભારતની ૧૫૦ વર્ષ જુની અને ભરોસાપાત્ર કંપનીની સાથે જોડાઈને કરી શકો છો એક નવી અને સારી આવકની શરૂઆત
તમે ગમે તે વ્યવસાય કે નોકરીમાં હોવ, તમે TATA AIA સાથે કામ કરીને તમારી બીજી આવક શરૂ કરી શકો છો.
જોડાઓ TATA AIA ની સાથે બનો Advisor અને મેળવો Commission + Fixed Income
Shree Balmukund Associates 99791 27664
Pramukh Vatika, Liliya Road, Amreli

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 6500
WITH OTT 50 MBPS ૧૨ મહિના ઈન્સ્ટોલેશન ફ્રી ₹. 7500
MTL INTERNET
ONU FREE TO USE
MAHAJAN TELNET LLP.
પહેલા માળે, વ્હાઈટ હાઉસ, બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
95 86 96 16 01

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી સ્પે. આઈટમ ફરાળી ચટણી હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

JULY SPECIAL Offer
Ex Showroom ₹68,889/-
Down Payment ₹3600/-
સ્પેશિયલ ડિસ્કાઉન્ટ ₹6500/-
Shine 100
પરીખ હોન્ડા રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

॥ વંદે માતરમ્ ॥
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's Fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

શ્રવણ કાન-નાક ગળાની હોસ્પિટલ
ડો. કૃતિકા હિતેશ શાહ
: ઉપલબ્ધ સારવાર :
➤ કાનમાંથી નિકળતી રસી, ફુગ, મેલ માટે નિદાન અને સારવાર
➤ કાનના પડદાના કાણા તથા સડાનું આધુનિક સાધનો દ્વારા ઓપરેશન ➤ કાનની બુહનું ઓપરેશન
➤ એલર્જી, ચકકર, સાયનસનું નિદાન અને સારવાર
➤ સ્વર પેટીનાં મસા, ચાંદી વગેરેનું નિદાન અને સારવાર
➤ એન્ડોસ્કોપિક સર્જરી, માઈક્રો ઈઅર સર્જરી
➤ $CO_2$ લેસર સર્જરી
➤ થાઈરોઈડ, લાળગ્રંથીના ઓપરેશન
સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૭:૩૦
સ્થળ : ભીડભંજન મંદિર પાસે, લીલીયા રોડ, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૪૫૭

Hero
મોનસૂન એક્સચેંજ કાર્નિવલ
- 21 - 28 જુલાઈ -
એક્સચેંજ બોનસ ₹3000* સુધી
તમારા જૂના ટુ વ્હીલરને બ્રાન્ડ ન્યૂ હીરોમાં પરિવર્તિત કરો.
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

### ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની તૈયારીઓ શરુ

# ECએ કહ્યું ટૂંક સમયમાં જ જાહેર કરીશું કાર્યક્રમ

## ચૂંટણી અધિનિયમ ૧૯૫૨ હેઠળ ચૂંટણી કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૩

૨૧ જુલાઈના રોજ જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યું હતું. મંગળવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ તેમનું રાજીનામું સ્વીકારી લીધું હતું. હવે ચૂંટણી પંચે નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે તૈયારીઓ શરુ કરી દીધી છે. જગદીપ ધનખડના રાજીનામાં બાદ ચૂંટણી પંચે નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેની તૈયારીઓ શરુ કરી દીધી છે. પંચે એક પ્રેસ રિલીઝમાં જણાવ્યું હતું કે, 'ભારતના ચૂંટણી પંચે ૨૦૨૫ની ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી સંબંધિત તૈયારીઓ શરુ કરી દીધી છે. તૈયારી પૂરી થયા પછી ટૂંક સમયમાં ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવશે.'

ચૂંટણી પંચ દ્વારા જાહેર કરાયેલી પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, 'ગૃહ મંત્રાલયે ૨૨ જુલાઈ, ૨૦૨૫ના રોજ એક સૂચના દ્વારા ભારતના ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડના રાજીનામાં અંગે માહિતી આપી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે ચૂંટણી પંચને કલમ ૩૨૪ હેઠળ ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી કરાવવાનો અધિકાર છે. આ ચૂંટણી રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી અધિનિયમ ૧૯૫૨ અને તેના હેઠળ બનાવેલા નિયમો (રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી નિયમો ૧૯૭૪) દ્વારા કરવામાં આવે છે.'

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગે વધુ માહિતી આપતા પંચે કહ્યું કે, 'રાજ્યસભા અને લોકસભાના ચૂંટાયેલા અને નામાંકિત સભ્યોનો સમાવેશ કરતી ઈલેક્ટોરલ કોલેજની તૈયારી શરુ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, રિટર્નિંગ ઑફિસર/સહાયક રિટર્નિંગ ઑફિસરની નિમણૂકને અંતિમ સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે. તેમજ ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીઓ સંબંધિત માહિતી અને રૅકોર્ડની તપાસ કરવામાં આવી રહી છે.'બંધારણના અનુચ્છેદ ૬૬ મુજબ, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી સંસદના બંને ગૃહોના સભ્યોથી બનેલા મતદાર મંડળ દ્વારા અનુપાતિક પ્રતિનિધિ પદ્ધતિ (પ્રપોશનલ રિપ્રેઝન્ટેશન સિસ્ટમ)થી કરવામાં આવે છે. ભારતમાં ઉપરાષ્ટ્રપતિ રાજ્યસભાના અધ્યક્ષ પણ હોય છે. જો કોઈ કારણોસર રાષ્ટ્રપતિનું પદ ખાલી થઈ જાય તો આવી સ્થિતિમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિ પદની જવાબદારી સંભાળતા હોય છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં માત્ર લોકસભા અને રાજ્યસભાના સાંસદો ભાગ લે છે.

આ ચૂંટણીમાં નામાંકિત સભ્યો પણ ભાગ લે છે. જ્યારે રાષ્ટ્રપતિની ચૂંટણીમાં લોકસભા સાંસદ અને તમામ રાજ્યોના ધારાસભ્યો મતદાન કરે છે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે બંધારણના અનુચ્છેદ ૬૬ પ્રમાણે મતદાર મંડળમાં કુલ ૭૮૮ સાંસદો હોય છે.

તેમાં રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા સદસ્યો અને ૧૨ નામાંકિત સદસ્યોની સાથે-સાથે લોકસભાના ૫૪૩ સદસ્ય સામેલ થાય છે.

ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી અનુપાતિક પ્રતિનિધિ પદ્ધતિ (પ્રપોશનલ રિપ્રેઝન્ટેશન સિસ્ટમ) દ્વારા કરવામાં આવે છે. તેમાં ખાસ રીતે વોટિંગ થાય છે જેને સિંગલ ટ્રાન્સફરેબલ વોટ સિસ્ટમ કહે છે. તેમાં મતદારોને એક જ મત આપવાનો હોય છે પરંતુ તેને પોતાની પસંદના આધાર પર પ્રાથમિકતા નક્કી કરવાની હોય છે. તેઓ બેલેટ પેપર પર ઉપસ્થિત ઉમેદવારોમાંથી પોતાની પહેલી પસંદને ૧, બીજી પસંદને ૨ અને એ જ રીતે આગળની પ્રાથમિકતા આપે છે. નવા ઉપરાષ્ટ્રપતિની પસંદગી ૬૦ દિવસની અંદર કરવાની હોય છે.

મતદાન ગુપ્ત રીતે થાય છે. મતપત્ર પર મત ચિહ્નિત કરવા માટે ચૂંટણી પંચ દ્વારા પૂરી પાડવામાં આવેલી ખાસ પેનનો જ ઉપયોગ કરવાનો હોય છે. અન્ય કોઈ પેનનો ઉપયોગ કરવાથી મત અમાન્ય થઈ શકે છે.

ભારતીય ચૂંટણી પંચ કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરીને લોકસભા અને રાજ્યસભાના મહાસચિવમાંથી કોઈ એકને વારાફરતી, ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરે છે. ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારીને નિર્ધારિત સમયમાં રજૂ કરવાના હોય છે.

### દુશ્મનાવટનો અંત લાવીને ટ્રમ્પે કરી જાહેરાત

# ડોનાલ્ડ ટ્રમ્પે જાપાન સાથે વેપાર ડીલની જાહેરાત કરી

## જાપાન અમેરિકામાં $550 બિલિયન (લગભગ ૫૫,૦૦૦ કરોડ ડોલર)નું રોકાણ કરશે, જેનાથી લાખો નોકરીઓ સર્જાશે

વોશિંગ્ટન, તા.૨૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાપાન સાથે વેપાર ડીલની જાહેરાત કરી છે, જેને તેઓ અત્યાર સુધીનો સૌથી મોટી ટ્રેડ ડીલ કહી રહ્યા છે. આ કરારથી બંને દેશો વચ્ચેના જૂના વેપાર તણાવનો અંત આવ્યો છે. જાપાન હવે અમેરિકામાં $550 બિલિયન (લગભગ ૫૫,૦૦૦ કરોડ ડોલર)નું રોકાણ કરશે, જેનાથી લાખો નોકરીઓ સર્જાશે અને આર્થિક પરિવર્તન આવશે તેવી અપેક્ષા છે. પરંતુ આ કરાર પછી ભારત અને વિશ્વ પર શું અસર પડશે? ચાલો આને સરળ ભાષામાં સમજીએ.

એક અહેવાલ મુજબ, મંગળવારે રાત્રે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાપાન સાથે લાંબા સમયથી ચાલી રહેલી વાતચીતનો અંત લાવીને આખરે સાથે કામ કરવા સંમતિ આપી અને બંને દેશોએ વેપાર ડીલ કરી. થોડા દિવસો પહેલા સુધી, કોઈ કરાર પર પહોંચવું અને સાથે વેપાર કરવો અશક્ય લાગતું હતું. આનાથી એવી આશા પણ જાગી છે કે આગામી દિવસોમાં, અમેરિકા ભારત સાથે પણ આવી જ ડીલ કરી શકે છે. હાલમાં અમેરિકા અને ભારત ઘણા વેપાર મુદ્દાઓ ઉકેલવામાં વ્યસ્ત છે. હવે આ ઐતિહાસિક ડીલ વિશે જાણીએ.ટ્રમ્પે જાપાન સાથેની ડીલ વિશે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર લખ્યું કે અમે જાપાન સાથે અત્યાર સુધીનો સૌથી મોટી ડીલ કરી છે. આ ડીલમાં, જાપાનથી અમેરિકા આવતા માલ પર ૧૫% ટેરિફ (કર) લગાવવામાં આવશે. બદલામાં, જાપાન કાર, ટ્રક, ચોખા અને અન્ય કૃષિ ઉત્પાદનો જેવા અમેરિકન માલ માટે તેનું બજાર ખોલશે. ટ્રમ્પનો દાવો છે કે આ સોદાથી અમેરિકાને ૯૦% નફો મળશે અને લાખો નોકરીઓનું સર્જન થશે. જાપાનનું ઈ૫૫૦ બિલિયનનું રોકાણ અમેરિકા માટે ગેમ-ચેન્જર બની શકે છે. ગમે તે હોય, અમેરિકામાં આજકાલ પરિસ્થિતિ સારી નથી.અગાઉ અમેરિકા અને જાપાન વચ્ચે વેપારને લઈને ઘણો તણાવ હતો. ટ્રમ્પે જૂનમાં કહ્યું હતું કે, જાપાનીઓ ખૂબ જ કઠોર છે. જાપાન તેના બજારમાં અમેરિકન ચોખા અને કારને ઓછી જગ્યા આપતું હતું, જેનાથી ટ્રમ્પ નારાજ થયા હતા. ગયા વર્ષે જાપાને માત્ર ૧૬,૭૦૭ અમેરિકન કાર અને ચોખા ખરીદ્યા હતા જેની કિંમત $298 મિલિયન હતી. પરંતુ લાંબી વાટાઘાટો અને અમેરિકન ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસન્ટની જાપાનના વડા પ્રધાન શિગેરુ ઈશિબા સાથેની બેઠક બાદ, આ સોદો અંતિમ સ્વરૂપ પામ્યો. ટ્રમ્પે તેને બંને દેશો વચ્ચેના સંબંધો માટે ઉત્તેજક સમય ગણાવ્યો.

### ૨૪ જુલાઈથી ટુરિસ્ટ વિઝા મળી શકશે

# ચીનના પ્રવાસીઓ માટે પાંચ વર્ષ બાદ ભારતના દરવાજા ખૂલ્યા

## ભારતે COVID-19 રોગચાળા દરમિયાન ચેપ અટકાવવા માટે તમામ પ્રવાસી વિઝાને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધા હતા

નવી દિલ્હી, તા.૨૩

ભારત સરકારે પાંચ વર્ષના લાંબા ગાળા પછી ચીની નાગરિકોને પ્રવાસી વિઝા આપવાની જાહેરાત કરી છે. આ પ્રક્રિયા ૨૪ જુલાઈ, ૨૦૨૫ થી ફરી શરૂ કરવામાં આવશે. બેઈજિંગમાં ભારતીય દૂતાવાસે બુધવારે આ નિર્ણયની માહિતી આપી. નોંધનીય છે કે માર્ચ ૨૦૨૦ માં, ભારતે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ચેપ અટકાવવા માટે તમામ પ્રવાસી વિઝાને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધા હતા. ત્યારથી ચીની નાગરિકો માટે વિઝા સેવા બંધ હતી. તમને જણાવી દઈએ કે, દૂતાવાસે એ પણ સ્પષ્ટતા કરી હતી કે બેઈજિંગમાં ભારતીય વિઝા સેન્ટરમાં પાસપોર્ટ પરત કરવા માટે અરજી કરતી વખતે યોગ્ય રીતે જારી કરાયેલ 'Passport Withdrawal Letter' ફરજિયાત રહેશે. જૂન ૨૦૨૦ માં કોવિડ-૧૯ રોગચાળા અને ગલવાન ખીણમાં ભારત અને ચીન વચ્ચે થયેલી હિંસક અથડામણો પછી બંને દેશો વચ્ચે મુસાફરી અને પરસ્પર સંપર્ક લગભગ સ્થગિત થઈ ગયો હતો. પાછલા વર્ષોમાં, ચીને ભારતીય વિદ્યાર્થીઓ અને ઉદ્યોગપતિઓને વિઝા આપવાનું શરૂ કર્યું હતું, પરંતુ સામાન્ય મુસાફરી પર પ્રતિબંધો યથાવત રહ્યા હતા.ગલવાન ખીણની ઘટના પછી, બંને દેશો વચ્ચેના સંબંધો ૧૯૬૨ ના યુદ્ધ પછી સૌથી ખરાબ સ્થિતિમાં પહોંચી ગયા. જો કે, પાછળથી રાજદ્વારી અને લશ્કરી વાટાઘાટોના અનેક રાઉન્ડ દ્વારા, સૈનિકોએ પેંગોંગ લેક, ગલવાન અને હોટ સ્પ્રિંગ્સ જેવા ઘણા તંગ વિસ્તારોમાંથી પાછા ખેંચી લીધા. ઓક્ટોબર ૨૦૨૪ માં, ડેપ્સાંગ અને ડેમચોક વિસ્તારોમાંથી સૈનિકો પાછા ખેંચવા માટે પણ એક કરાર થયો. આના થોડા દિવસો પછી, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ રશિયાના કાઝાનમાં મળ્યા, જેમાં દ્વિપક્ષીય સંબંધોને પાટા પર લાવવા માટે ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા.હવે ભારત અને ચીન બંને લોકો વચ્ચેનો સંપર્ક વધારવા માંગે છે. આ માટે સીધી ફ્લાઇટ્સ શરૂ કરવાની અને કૈલાસ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવાની યોજના છે. કોવિડને કારણે આ યાત્રા બંધ થઈ ગઈ હતી. વિદેશ મંત્રી એસ. જયશંકરે એમ પણ કહ્યું છે કે ભારત-ચીન સંબંધો ધીમે ધીમે યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છે.

### કહ્યું- ૫ ફાઈટર જેટ તૂટ્યા, પરમાણુ યુદ્ધ થતાં રોક્યું

# ટ્રમ્પે ૨૫મી વખત લીધો ભારત-પાકિસ્તાન સીઝફાયરનો શ્રેય

## એક કાર્યક્રમમાં ટ્રમ્પે કહ્યું કે, બંને દેશો વચ્ચે ખૂબ તણાવ વધી ગયો હતો મેં હસ્તક્ષેપ કર્યો અને તેને અટકાવવામાં સફળ થયો

વોશિંગ્ટન, તા.૨૩

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત-પાકિસ્તાન યુદ્ધ અટકાવ્યું હોવાનો અને યુદ્ધમાં પાંચ ફાઈટર જેટ્ય તૂટ્યા હોવાનો ફરી દાવો કર્યો છે. તેમણે વ્હાઈટ હાઉસમાં મંગળવાર (૨૨ જુલાઈ)એ યોજાયેલ એક કાર્યક્રમમાં કહ્યું કે, બંને દેશો વચ્ચે ખૂબ તણાવ વધી ગયો હતો. મેં યુદ્ધમાં હસ્તક્ષેપ કર્યો અને તેને અટકાવવામાં સફળ થયો. તે વખતે બંને દેશો વચ્ચે ગંભીર સ્થિતિ ઉભી થઈ ગઈ હતી, પાંચ ફાઈટર જેટ તૂટી ગયા હતા અને કોઈપણ સમયે પરમાણુ હથિયારનો ઉપયોગ થવાનો હતો.'

ભારત-પાકિસ્તાન વચ્ચે ૧૦ મે-૨૦૨૫ના રોજ સીઝફાયર થયું ત્યારે ટ્રમ્પે પહેલીવાર યુદ્ધવિરામ કરાવ્યું હોવાનો દાવો કર્યો હતો. અમેરિકન પ્રમુખે છેલ્લા ૭૩ દિવસમાં ૨૫ વખત યુદ્ધ ખતમ કરાવ્યું હોવાનો દાવો કરી ચુક્યા છે. જોકે દર વખતની જેમ ભારતે પણ ટ્રમ્પના દાવાને ફગાવી દીધા છે. ટ્રમ્પે બીજી વખત કહ્યું કે, 'ભારત-પાકિસ્તાન ઘર્ષણમાં પાંચ ફાઈટર જેટ તૂટી ગયા હતા. મેં બંને દેશોના નેતાઓને ફોન કર્યો અને ચેતવણી આપી હતી કે, જો લડાઈ નહીં અટકાવો તો અમેરિકા વેપાર અટકાવી દેશે. તે બંને દેશો પાસે પરમાણુ હથિયારો છે. કોણ જાણે શું પરિણામ આવ્યું હોત, પણ મેં તેને અટકાવી દીધું છે. મેં એક વખત નહીં ઘણીવાત તેઓ સાથે વાતચીત કરી છે.' ટ્રમ્પ ભારત-પાકિસ્તાન ઘર્ષણને લઈ અનેક વખત દાવો કરી ચુક્યા છે. આ પહેલા તેમણે શુક્રવારે કહ્યું હતું કે, 'ભારતના ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાને ભારતીય ફાઈટર જેટ તોડી પાડ્યા હતા. તેમણે આ જ મહિને વ્હાઈટ હાઉસમાં યોજાયેલ ડિનર પાર્ટીમાં કહ્યું હતું કે, 'ભારત-પાકિસ્તાન એકબીજા પર હુમલા કરી રહ્યા હતા અને ચાર-પાંચ વિમાનો હવામાં જ તોડી પડાયા હતા. ૫, ૫, ૪ અથવા ૫, મને લાગે છે કે, પાંચ વિમાનો તોડી પાડ્યા હતા.'

સમાચાર એજન્સી એએનઆઈએ સરકારી સૂત્રોએ ટાંકીને કહ્યું હતું કે, 'ભારતીય વાયુસેનાએ ઓપરેશન સિંદૂર વખતે પાકિસ્તાનના ૭ ફાઈટર જેટ, ત્રણ એરક્રાફ્ટ અને ૧૦થી વધુ ડ્રોન અને ક્રૂઝ મિસાઈલો તોડી પાડી હતી. ભારતે ૬થી ૧૦ મે દરમિયાન પાકિસ્તાનના પંજાબ અને PoKમાં આતંકવાદીઓને ઠેકાણાઓ પર હુમલો કર્યા, ત્યારબાદ પાકિસ્તાને પણ જવાબ આપવાનો પ્રયાસ કર્યો હતો, જોકે ભારતે માત્ર વળતો જવાબ જ નહીં, પરંતુ પાકિસ્તાનને પણ ઘણું નુકસાન પહોંચાડ્યું છે.

### અલ કાયદા મોડ્યુલનો પર્દાફાશ

# દિલ્હી-નોઈડા અને ગુજરાતમાંથી ૪ શંકાસ્પદ આતંકીઓની ધરપકડ

## ચારેય આતંકવાદીઓ તેમના જૂથમાં લોકોને ભરતી કરી રહ્યા હતા : સંગઠનનો પ્રચાર અને પ્રસાર કરી રહ્યા હતા

અમદાવાદ, તા.૨૩

ગુજરાત ATS એ એક મોટા આતંકવાદી ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે અને અલ કાયદા ઈન ઈન્ડિયન સબકોન્ટિનેન્ટ (AQIS) સાથે જોડાયેલા મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. આ કાર્યવાહીમાં કુલ ચાર શંકાસ્પદ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાત ATS અધિકારીઓના જણાવ્યા અનુસાર, પકડાયેલા ચાર આતંકવાદીઓમાંથી બેની ગુજરાતમાંથી એક દિલ્હીમાંથી અને એક નોઈડા (ઉત્તર પ્રદેશ)માંથી ધરપકડ કરવામાં આવી છે. આ બધા આતંકવાદીઓ અલ કાયદાના AQIS સાથે સંકળાયેલા હોવાનું કહેવાય છે. ધરપકડ કરાયેલા આતંકવાદીઓની ઓળખ સૈફુલ્લાહ કુરેશી (પિતાઃ મોહમ્મદ રફીક), મોહમ્મદ ફરદીન (પિતાઃ મોહમ્મદ રઈસ) અને મોહમ્મદ ફૈક (પિતાઃ મોહમ્મદ રિઝવાન) તરીકે થઈ છે.

ગુજરાત એટીએસ દ્વારા પકડાયેલા ચાર આતંકવાદીઓ વિશે ચોંકાવનારી માહિતી પ્રકાશમાં આવી છે. એટીએસના જણાવ્યા અનુસાર, તમામ આરોપીઓની ઉંમર ૨૦ થી ૨૫ વર્ષની વચ્ચે છે અને તેઓ ભારતમાં મોટા પાયે આતંકવાદી હુમલાઓનું કાવતરું ઘડી રહ્યા હતા.ગુજરાત એટીએસનું કહેવું છે કે આ આતંકવાદીઓને કેટલાક ચોક્કસ અને સંવેદનશીલ સ્થળોને નિશાન બનાવવા માટે સૂચના આપવામાં આવી હતી. આ ચારેય આતંકવાદીઓ સોશિયલ મીડિયા એપ્સ દ્વારા એકબીજા સાથે જોડાયેલા હતા અને તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે તેઓ સરહદ પાર બેઠેલા આતંકવાદીઓના સંપર્કમાં પણ હતા.

નામો

૧. મોહમ્મદ ફૈક સ/ઓ મોહમ્મદ રિઝવાન, રહે/ઓ મીર મદારી ગલ્લી, ફરસખાના, દિલ્હી

૨. મોહમ્મદ ફરદીન સ/ઓ મોહમ્મદ રઈસ, ગુલમોહર ટેનામેન્ટ, ફતેહવાડી, અમદાવાદ

૩. સેફુલ્લા કુરેશી, મહમદ રફીક, રહે. ખાટકીવાડા, ભોઈ વાડા પાસે, વિનાયક સિનેમા, મોડાસા

૪. ઝીશાન અલી ર્જા/ આસિફ અલી, રહે. એચ. નંબર ૭૭ છજરાસી કોલોની, સેક્ટર ૬૩, નોઈડા.

### આજે હસ્તાક્ષર કરશે પીએમ મોદી

# ઐતિહાસિક ભારત-UK ટ્રેડ એગ્રીમેન્ટને કેબિનેટની મંજૂરી

## ભારત-યુકે ફ્રી ટ્રેડ ડીલ અંતર્ગત ભારતમાંથી ચામડું, જુતા, અને વસ્ત્રો જેવા શ્રમ-પ્રધાન પ્રોડક્ટ્સની નિકાસ પર લાગુ ટેક્સનો બોજો દૂર થશે

નવી દિલ્હી, તા.૨૩

ભારત અને યુકે વચ્ચે ફ્રી ટ્રેડ ડીલ એગ્રિમેન્ટને ગઈકાલે મંગળવારે ભારતીય કેબિનટે દ્વારા મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચાર દિવસીય વિદેશ યાત્રા દરમિયાન ૨૪ જુલાઈના રોજ લંડનમાં આ ડીલ પર હસ્તાક્ષર કરશે. આ મુલાકાતમાં વડાપ્રધાન મોદી પહેલાં યુકે અને બાદમાં માલદીવ જશે. તેમની સાથે વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલ પણ ઉપસ્થિત રહેશે.

આ કરાર સત્તાવાર રૂપે કમ્પ્રેસિવ ઈકોનોમિક એન્ડ ટ્રેડ એગ્રીમેન્ટ (CETA) તરીકે ઓળખાય છે. તેનો ઉદ્દેશ ૨૦૩૦ સુધી ભારત-યુકે વેપારને બમણો કરી ૧૨૦ અબજ ડોલરે પહોંચાડવાનો છે. ભારત-યુકે ફ્રી ટ્રેડ ડીલ અંતર્ગત ભારતમાંથી ચામડું, જુતા, અને વસ્ત્રો જેવા શ્રમ-પ્રધાન પ્રોડક્ટ્સની નિકાસ પર લાગુ ટેક્સનો બોજો દૂર થશે. યુકેમાંથી વ્હિસ્કી, કારની આયાત પર ડ્યુટીમાં ઘટાડો થશે. આ કરારમાં સેવાઓ, ઈનોવેશન, બૌદ્ધિક સંપદા અધિકારો અને સરકારી ખરીદી જેવા વિષયોને પણ આવરી લેવામાં આવ્યા છે, જેના પર બંને દેશોના વાણિજ્ય મંત્રીઓ દ્વારા હસ્તાક્ષર કરવામાં આવશે. બાદમાં યુકે સંસદની મંજૂરી પછી અમલમાં આવશે.બંને દેશોએ ડબલ કંટ્રીબ્યૂશન કન્વેન્શન એગ્રીમેન્ટ પર સહમતિ દર્શાવી છે. જેનાથી બ્રિટનમાં મર્યાદિત સમયગાળા માટે કામ કરનારા ભારતીય પ્રોફેશનલ્સને બમણી સામાજિક સુરક્ષા યોગદાનમાંથી રાહત મળશે. જો કે, દ્વિપક્ષીય રોકાણ સંધિ મુદ્દે હજુ વાટાઘાટો ચાલી રહી છે. ભારતમાંથી યુકેમાં નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન નિકાસ ૧૨.૬ ટકા વધી ૧૪.૫ અબજ ડોલર નોંધાઈ હતી. જયારે આ સમયગાળામાં યુકેમાંથી ભારતમાં આયાત ૨.૩ ટકા વધી ૮.૬ અબજ ડોલર રહી હતી. અગાઉ ૨૦૨૩-૨૪માં ભારત-યુકે વચ્ચે કુલ દ્વિપક્ષીય વેપાર ૨૧.૩૪ અબજ ડોલરનો નોંધાયો હતો. જે ૨૦૨૨-૨૩માં ૨૦.૩૬ અબજ ડોલરની તુલનાએ વૃદ્ધિ દર્શાવે છે.FTA પર હસ્તાક્ષર અને બંને દેશો દ્વારા સંસદીય મંજૂરી પછી કરાર ઔપચારિક રીતે અમલમાં આવશે. આ હેઠળ, મોટાભાગના ઉત્પાદનો પર કસ્ટમ ડ્યુટી નાબૂદ કરવામાં આવશે અથવા નોંધપાત્ર રીતે ઘટાડવામાં આવશે, જે વેપાર અને રોકાણને વેગ આપશે.

### સાત જેટલા ચંદનના વૃક્ષનું કટિંગ કર્યું હતું

# જંગલમાં સક્રિય ભેજાબાજ ચંદન ચોર ટોળકીની મોડસ ઓપરેન્ડી

## વન વિભાગને જાણ થતા તસ્કરો નાસી છૂટ્યા : કટિંગ કરેલી હાલતમાં ચંદનના વૃક્ષ અને હથિયારો મળ્યા

જૂનાગઢ, તા.૨૩

દાતાર જંગલમાં ચંદન ચોરીની વધુ એક ઘટના સામે આવી છે. જેમાં ચંદનના વૃક્ષની તસ્કરી કરનાર શખ્સો જંગલમાં ઘૂસ્યા હતા અને સાત જેટલા ચંદનના વૃક્ષનું કટિંગ કર્યું હતું. વન વિભાગને જાણ થતા ચંદનના વૃક્ષની તસ્કરી કરનાર તસ્કરો નાસી છૂટ્યા હતા. જ્યારે વન વિભાગને કટિંગ કરેલી હાલતમાં ચંદનના વૃક્ષ અને હથિયારો મળ્યા છે. આવો જોઈએ ચંદન ચોરોની શું હોય છે મોડેસઓપ્રેન્ડી.

ચંદન ચોરી પુષ્પા ફિલ્મમાં તો જોઈ હશે પરંતુ દાતારના જંગલમાં ફિલ્મ જેવી ઘટના બની છે. દાતાર અને ગિરનાર જંગલમાં અસંખ્ય ચંદનના વૃક્ષો આવેલા છે. છેલ્લા ઘણા વર્ષોથી પરપ્રાંતિય લોકો દ્વારા જંગલમાં ઘુસી અને ચંદનના વૃક્ષની તસ્કરી કરવામાં આવે છે ત્યારે ગત સોમવારના બપોરના સમયે દાતાર જંગલના ૩૦૦ પગથિયાં આસપાસ ૭ જેટલા ચંદનના વૃક્ષનું કટિંગ ચાલતું હતું. જેની માહિતી પેટ્રોલિંગમાં રહેલા વન વિભાગના સ્ટાફને મળતા આખા જંગલને સ્ટાફ દ્વારા ઘેરી લેવામાં આવ્યો હતો અને ચંદનના વૃક્ષની તસ્કરી કરનાર શખ્સોનો પીછો કરવામાં આવ્યો હતો. પરંતુ મુદ્દામાલ છોડી અને તસ્કરી કરનાર શખ્સોને નાસી છૂટ્યા હતા.વન વિભાગનો સ્ટાફ ચંદન ચોરોને ઝડપી લે તે પહેલા જ સ્ટાફ પર હુમલાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો અને ચંદન ચોરો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા. આ ચંદન ચોરોને ઝડપી પાડવા વન વિભાગે જુદી જુદી ટીમો બનાવી છે અને સતત ત્રણ દિવસથી જંગલ વિસ્તાર તેમજ રેલ્વે સ્ટેશન બસ સ્ટેશન સહિતના વિસ્તારોમાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે.

છેલ્લા ઘણા સમયથી ગીર અને ગિરનારમાં ચંદન ચોરી થઈ રહી છે. તેમાં મોટાભાગના પરપ્રાંતિય લોકો દ્વારા આ ચંદન ચોરી કરતા હોવાનું સામે આવ્યું છે. ચંદન ચોરી કરનાર શખ્સોની મોડેસઓપ્રેન્ડીની વાત કરીએ તો પરપ્રાંતિય લોકો જુનાગઢ આસપાસના વિસ્તારમાં મજૂરી કરવા આવે છે અને બાદમાં તે આ જંગલ વિસ્તારની રેકી પણ કરી લે છે અને બાદમાં થોડા દિવસ પછી તે ફરી હથિયારો પોતાના વસ્ત્રોમાં છુપાવી અને જંગલમાં પ્રવેશ કરે છે અને જંગલ વિસ્તારમાં હથિયારો રાખી ચાલ્યા જાય છે. એક બાદ એક ફરી થોડા દિવસ બાદ આ ચંદન ચોરી કરનાર લોકો જંગલમાં પ્રવેશ કરે છે અને આયોજનબદ્ધ રીતે તે ચંદન ચોરી કરતા હોય છે તેવું ગત વર્ષોમાં બનેલી ચંદન ચોરીની ઘટનાથી સામે આવ્યું છે.

આમ, ચંદનચોરીની ઘટનાથી વન વિભાગ સતર્ક થયું છે દાતાર અને ગિરનારના જંગલમાં ચંદનના વૃક્ષો આવેલા છે ત્યાં આસપાસ વન વિભાગની જુદી જુદી ટીમો હવે સતત પેટ્રોલિંગ કરશે અને પોલીસની પણ મદદ લેવામાં આવી છે. જોવાનું એ રહ્યું કે ચંદન ચોરી કરનાર શખ્સોને વન વિભાગ ક્યારે પકડી લે છે.

### ૨૩ ઓગસ્ટ સુધી પ્રતિબંધ લંબાવાયો

# પાકિસ્તાની વિમાનો ભારતીય એરસ્પેસમાં નહીં પ્રવેશી શકે

## પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતનો પાકિસ્તાન વિમાનોની ભારતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ પર પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૨૩

પાકિસ્તાનના વિમાનોની ભારત એર સ્પેસમાં એન્ટ્રી પર પ્રતિબંધ લગાવનારી નોટિસ ટુ એરમેન(NOTAM)ની મુદત સત્તાવાર ધોરણે ૨૩ ઑગસ્ટ સુધી વધારવામાં આવી છે. પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિમાનોની ભારતના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ પર પ્રતિબંધ લાદ્યો હતો. તેમજ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર મારફત પાકિસ્તાન અને POKમાં સ્થિત આતંકી ઠેકાણા પર આક્રમક હુમલા કર્યા હતા. ત્યારબાદ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો હતો.કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલે સોશિયલ મીડિયા ઠ પર પોસ્ટ કરી એર સ્પેસમાં પ્રતિબંધની સમય મર્યાદા લંબાવવાની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાની વિમાનોની ભારતીય એર સ્પેસમાં એન્ટ્રી પર પ્રતિબંધ લગાવનારી નોટિસ ટુ એરમેન(NOTAM)ને સત્તાવાર ધોરણે ૨૩ ઑગસ્ટ, ૨૦૨૫ સુધી લંબાવવામાં આવી છે.ભારત તરફથી આ કાર્યવાહી પાકિસ્તાન દ્વારા પોતાના હવાઈ ક્ષેત્રમાંથી ભારતીય ફ્લાઈટ પર પ્રતિબંધના પગલે હાથ ધરવામાં આવી છે. પાકિસ્તાન ઍરપોર્ટ ઑથોરિટીએ ગત સપ્તાહે જાહેરાત કરી હતી કે, પાકિસ્તાને ભારતીય એરલાઈન્સ દ્વારા સંચાલિત ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર ૨૩ ઑગસ્ટ સુધી બંધ રાખવા નિર્ણય લીધો છે. આ પ્રતિબંધ ૨૪ ઑગસ્ટના રોજ સવારે ૫.૧૯ વાગ્યા (ભારતીય સમયાનુસાર) સુધી લાગુ રહેશે. બીજી તરફ ભારતીય વાયુ સેનાએ ૨૩-૨૫ જુલાઈના રોજ ભારત-પાકિસ્તાન બોર્ડર પર રાજસ્થાનમાં હવાઈ અભ્યાસ માટે નોટમ જાહેર કરી છે.ભારત-પાકિસ્તાન વચ્ચે ૨૦૧૯માં સર્જાયેલા તણાવ બાદથી ભારતે પોતાની એર સ્પેસ પાકિસ્તાની વિમાનો માટે બંધ કરી હતી. ત્યારથી ભારત સમયાંતરે NOTAM જાહેર કરી આ પ્રતિબંધ લંબાવતું રહ્યું છે. ભારતનો આ પ્રતિબંધ પાકિસ્તાન હવાઈ ક્ષેત્ર માટે લોજિસ્ટિક અને નાણાકીય પડકારો સર્જી રહ્યા છે. પ્રતિબંધ બાદ પાકિસ્તાની વિમાનોએ લાંબો વૈકલ્પિક રૂટ અપનાવવો પડ્યો છે. જેના લીધે તેના સંચાલન ખર્ચમાં વધારો થયો છે. ભારતનું આ પગલું ખાસ કરીને પાકિસ્તાનની ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સને પ્રભાવિત કરે છે.

# ICCએ ફટકારી સજા તો ગુસ્સે થયો બેન સ્ટોક્સ

લંડન, તા.૨૩

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આજથી ચોથી ટેસ્ટ મેચ રમાશે. આ ટેસ્ટ શ્રેણીમાં ઈંગ્લેન્ડ ૨-૧થી આગળ છે, છેલ્લી ટેસ્ટમાં ઈંગ્લેન્ડને જીત તો મળી હતી, પરંતુ સાથે મોટું નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. લોર્ડ્સમાં વિજય બાદ ICCએ ધીમા ઓવર રેટને કારણે ટીમને સજા આપી હતી. જેના કારણે બેન સ્ટોક્સ અકળાયો હતો. તેણે ચોથી ટેસ્ટ પહેલા પોતાની ભૂલ સ્પષ્ટ કરી હતી. આ સાથે તેણે ICCના નિયમો પર પણ પ્રશ્નો ઉભા કર્યા છે.

લોર્ડ્સ ટેસ્ટમાં વિજય બાદ ICCએ ઈંગ્લેન્ડની ટીમને ધીમા ઓવર રેટ માટે દંડ ફટકાર્યો અને મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકારવાની સાથે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપના ૨ પોઈન્ટ પણ કાપ્યા. ઈંગ્લેન્ડની ટીમને પોઈન્ટ ટેબલમાં પણ નુકસાન સહન કરવું પડ્યું. હવે ટોચ પર આવવા માટે ઈંગ્લેન્ડને ચોથી ટેસ્ટમાં ભારતને ફરીથી હરાવવું પડશે. ચોથી ટેસ્ટ પહેલા ઈંગ્લેન્ડના કેપ્ટને આમાં ફેરફારની માંગ કરી.સ્ટોક્સે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, ઓવર રેટ એવી વસ્તુ નથી જેની હું ચિંતા કરું છું, પરંતુ તેનો અર્થ એ નથી કે હું જાણી જોઈને વસ્તુઓ ધીમી કરું છું. પરંતુ, મને ખરેખર લાગે છે કે તેના પર ગંભીરતાથી વિચાર કરવાની જરૂર છે. એશિયામાં જ્યાં ૭૦ ટકા ઓવર સ્પિન બોલિંગ દ્વારા નાખવામાં આવે છે, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડમાં સમાન નિયમો લાગુ કરી શકાતા નથી.બેન સ્ટોક્સે પેસર્સ અને સ્પિનરોની તુલના કરતી વખતે સમજાવ્યું કે આ નિયમ કેમ બદલવાની જરૂર છે. તેણે આ મુદ્દા પર આગળ કહ્યું, અહીં ૭૦-૮૦ ટકા ઓવર ઝડપી બોલરો દ્વારા નાખવામાં આવે છે. સ્પિનરને ઓવરમાં સીમરના ઓવર કરતાં ઓછો સમય લાગે છે. તેથી તમારે વિવિધ ખંડોમાં ઓવર રેટ સમય બદલવાનું વિચારવું જોઈએ.

### કેજરીવાલનું ખેડૂત પશુપાલક મહાપંચાયતમાં નિવેદન

# ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ ગઠબંધનની સરકાર

**અરવિંદ કેજરીવાલે કહ્યું હવે ભાજપનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે : લોકો ગુજરાતમાં પરિવર્તન ઈચ્છી રહ્યા છે**

અરવલ્લી, તા.૨૩

સાબર ડેરીમાં પશુપાલકોને મળતા દૂધના ભાવફેરને લઈ પશુપાલકો દ્વારા છેલ્લા ઘણા સમયથી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. હવે પશુપાલકોના સમર્થનમાં આમ આદમી પાર્ટીએ આજે મોડાસામાં કુમકુમ પાર્ટી પ્લોટ ખાતે ખેડૂત પશુપાલક મહાપંચાયતનું આયોજન કર્યું હતું. મોડાસાના ખેડૂત પશુપાલક મહાપંચાયતમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને પશુપાલકો હાજર રહ્યા હતા. આ ખેડૂત અને પશુપાલક પંચાયતમાં આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ભાજપ-કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. અરવિંદ કેજરીવાલે કહ્યું હવે ભાજપનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે. લોકો ગુજરાતમાં પરિવર્તન ઈચ્છી રહ્યા છે. તેમણે મોટું નિવેદન આપતા કહ્યું કે, ગુજરાતમાં ભાજપ-કોંગ્રેસ ગઠબંધનની સરકાર છે.

ભાજપ અને કોંગ્રેસ બંને પર અરવિંદ કેજરીવાલે આકરા પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું ભાજપનું કાઉન્ટડાઉન શરુ થઈ ગયું છે. ગુજરાત પરિવર્તન માંગે છે. રાહુલ ગાંધીના ઘોડાવાળા નિવેદન પર અરવિંદ કેજરીવાલે જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું અમારી પાસે લાંબી રેસના ઘોડા છે. અમે ડરતા નથી ભાજપમાં અહંકાર આવી ગયો છે.

અરવિંદ કેજરીવાલે કહ્યું, મૃતક અશોકભાઈને ડેરી અને રાજ્ય સરકાર તરફથી ૧ કરોડ રુપિયાની સહાય આપવામાં આવે. રાજયમાં ઝુલ્મ થઈ રહ્યો છે. ભાજપ ખેડૂત અને પશુ પાલકને ધમકાવી રહી છે.

સહકારી સેકટર પર ભાજપનો કબજો છે. પશુપાલકને તેનો નફો યોગ્ય રીતે મળે તો ગરીબી દૂર થઈ જાય. ફેટ માપનાર મશીનોમાં ગરબડ છે. કેજરીવાલે કહ્યું કે, હવે ખેડૂતોની લડાઈ અમારી લડાઈ છે. પંજાબમાં વીજળી ફ્રી છે દિવસના ૮ કલાક વીજળી મળે છે. આ લડાઈ માત્ર દૂધની નથી માન સન્માનની લડાઈ છે.ભાજપ અને કોંગ્રેસ બંને પર અરવિંદ કેજરીવાલે આકરા પ્રહારો કર્યા છે. વધુમાં ઈસુદાને ભાજપ પર આકરા પ્રહારો કરતા કહ્યું, ભાજપ ખેડૂતોને લૂંટી રહી છે. ભાજપના કાર્યક્રમમાં ડેરી લાખોના ખર્ચા કરે છે. રાજ્યના ૫૪ લાખ ખેડૂત આપ પાર્ટીની રાહ જોઈ રહ્યા છે. ભાજપનો અહંકાર હવે પૂરો થશે. ખેડૂતો અને પશુપાલકો માટે આપ લડવા માટે તૈયાર છે. હવે આત્માને જગાડવાનો સમય આવી ગયો છે. રાજયમાં વિસાવદરવાળી કરવા ઈસુદાનનું આહવાન. આપ દ્વારા માંગણીઓ કરવામાં આવી છે કે પશુપાલકો સામેના કેસ પાછા ખેંચવામાં આવે.

મૃત્યુ પામનાર પરિવારને એક કરોડની સહાય કરવામાં આવે. આ મહાપંચાયતનો મુખ્ય ઉદ્દેશ સાબરડેરી સાથે સંકળાયેલા પશુપાલકોની પડતર માંગણીઓને વાચા આપવાનો અને તેમના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો છે. AAP ના નેતાઓ સાગરભાઈ રબારી અને રાજુભાઈ કરપડાએ સાબરકાંઠાથી એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો હતો. સાગરભાઈ રબારીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, જ્યાં સુધી પશુપાલકોની ૫ મુખ્ય માંગણીઓ પૂરી નહીં થાય ત્યાં સુધી તેઓ મજબૂતાઈથી લડત ચાલુ રાખશે.

### અધવચ્ચેથી કાલીકટ એરપોર્ટ પર પરત ફર્યું વિમાન

# એર ઈન્ડિયાના વધુ એક પ્લેનમાં સર્જાઈ હતી ટેક્નિકલ ખામી

**અધિકારીએ જણાવ્યું હતું કે, ફ્લાઇટ IX ૩૭૫ માં પાઇલટ અને ક્રૂ મેમ્બર સાથે કુલ ૧૮૮ મુસાફરો સવાર હતા**

નવી દિલ્હી, તા.૨૩

એર ઈન્ડિયાના વિમાનોમાં સમસ્યા અટકવાનું નામ નથી લઈ રહી. મળતી માહિતી પ્રમાણે તાજેતરમાં દોહા જતી એર ઈન્ડિયા એક્સપ્રેસની ફ્લાઈટ બે કલાક પછી કાલિકટ એરપોર્ટ પર પરત ફરી હતી. એવુ કહેવાય છે કે, વિમાનમાં ટેકનિકલ ખામી સર્જાઈ હોવાથી પરત ફરવું પડ્યું હતું. જે અંગે એર ઈન્ડિયા એક્સપ્રેસનું નિવેદન સામે આવ્યું છે. નોંધનીય છે કે, અમદાવાદમાં થયેલી વિમાન દુર્ઘટના બાદ એરલાઈન કંપનીઓ ખૂબ જ સતર્ક બની ગઈ છે. જેના કારણે વિમાનોના ઉડાનમાં ખાસ સાવધાની રાખવામાં આવી રહી છે.

એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું કે, ટેકઓફ બાદ ટેકનિકલ ખામીના કારણે અમારી એક ફ્લાઈટ કોઝિકોડમાં પરત ફરી હતી. અમે દરેક મુસાફરો માટે વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરી છે. આ સિવાય તેમને નાસ્તો પણ આપવામાં આવ્યો છે. પ્રવક્તાએ વધુમાં કહ્યું કે, આ દરમિયાન મુસાફરોને થયેલી અસુવિધા બદલ અમને દુખ છે. તેમજ મુસાફરોની સલામતી અમારી સૌથી મોટી પ્રાથમિકતા છે.

એરપોર્ટના અધિકારીએ જણાવ્યું હતું કે, ફ્લાઈટ IX 375 માં પાઈલટ અને ક્રૂ મેમ્બર સાથે કુલ ૧૮૮ મુસાફરો સવાર હતા. વિમાને સવારે ૯:૦૭ વાગ્યે કાલિકટ એરપોર્ટથી ઉડાન ભર્યુ હતું, પરંતુ બે કલાક બાદ તેમાં સવારે ૧૧:૧૨ વાગ્યે એરપોર્ટ પર પાછું ફર્યું હતું. સત્તાવાર નિવેદન પ્રમાણે વિમાનના કેબિન એસીમાં કોઈ ટેકનિકલ સમસ્યા સર્જાઈ હતી. નિવેદનમાં કહેવામાં આવ્યા પ્રમાણે આ ઈમરજન્સી લેન્ડિંગ નહોતું.

### કોઈ દેશે ભારતનો સાથ ન આપ્યો : કોંગ્રેસ

# ટ્રમ્પ સીઝફાયર પર ૨૫ વખત બોલ્યા પણ પીએમ ચૂપ: રાહુલ ગાંધી

**છેલ્લા ત્રણ દિવસથી વિપક્ષ ઓપરેશન સિંદૂર, બિહાર વોટર વેરિફિકેશન જેવા મુદ્દા પર હોબાળો કરી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૨૩

લોકસભા અને રાજયસભામાં ચોમાસુ સત્ર સોમવારથી શરૂ થયુ છે. પરંતુ વિપક્ષના હોબાળા વચ્ચે સદનની કાર્યવાહી છેલ્લા ત્રણ દિવસથી આગળ વધી રહી નથી. વિપક્ષ ઓપરેશન સિંદૂર, પહલગામ આતંકી હુમલો, ટ્રમ્પના દાવાઓ મુદ્દે ચર્ચા કરવા માગે છે. જેના પર સત્તાધારી પક્ષે પણ તૈયારી દર્શાવી છે.

ઓપરેશન સિંદૂર મામલે લોકસભામાં ૨૮ જુલાઈએ અને રાજ્યસભામાં ૨૯ જુલાઈના રોજ ચર્ચા થશે. મીડિયા રિપોર્ટ અનુસાર, બંને સદનોમાં ચર્ચા માટે ૧૬-૧૬ કલાકનો સમય નિર્ધારિત કરવામાં આવ્યો છે.

છેલ્લા ત્રણ દિવસથી વિપક્ષ ઓપરેશન સિંદૂર, બિહાર વોટર વેરિફિકેશન જેવા મુદ્દા પર હોબાળો કરી રહ્યું છે. લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આજે જણાવ્યું કે, 'સરકાર કહે છે કે, ઓપરેશન સિંદૂર ચાલુ છે. જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ બંધ કરવાનો દાવો કરી ચૂક્યા છે. ટ્રમ્પે ૨૫-૨૫ વખત દાવો કર્યો છે કે, તેમણે ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર કરાવ્યું. તે આવુ બોલનારા કોણ છે, ભારતને કોઈ દેશે આ મામલે મદદ કરી નથી. પરંતુ ટ્રમ્પના દાવા પર પીએમ મોદી મૌન છે. જે સંકેત આપે છે કે, દાળમાં કંઈક કાળુ છે.'

લોકસભામાં વોટર બિહાર વોટર વેરિફિકેશન મુદ્દે હોબાળો થયો હતો. વિપક્ષ સાંસદોએ તેનો વિરોધ નોંધાવતાં કાળા કપડાં પહેર્યા હતાં. સુત્રોચ્ચાર કરતાં વેલમાં પહોંચ્યા હતાં. લોકસભા સ્પીકર ઓમ બિરલાએ તમામને શાંતિ રાખવા અપીલ કરતાં કહ્યું હતું કે, તમે રસ્તા જેવો વ્યવહાર સંસદમાં કરી શકો નહીં.

આજે આ હોબાળા બાદ લોકસભા અને રાજયસભાની કાર્યવાહી ગુરૂવારે સવારે ૧૧ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. આ વિરોધમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી, સપા સાંસદ જયા બચ્ચન સહિત અનેક મહિલા સાંસદ પણ જોડાયા હતાં. તેમણે હાથમાં કાળા રંગની પટ્ટી બાંધી વિરોધ દર્શાવ્યો હતો.

પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ આતંકી હુમલા બાદ બદલો લેવા ભારત સરકારે ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હાથ ધરી પાકિસ્તાન સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં પર હુમલો કર્યો હતો. ત્યારબાદ બંને દેશો વચ્ચે સ્થિતિ વણસી હતી. બંને દેશો વચ્ચે તણાવ વધ્યાં બાદ ૧૦ મેના રોજ સીઝફાયર થયુ હતું. આ સીઝફાયરની સૌથી પહેલા જાહેરાત ડોનાલ્ડ ટ્રમ્પે સાંજે ૫.૩૩ વાગ્યે કરી હતી. આ સીઝફાયર તેમની મધ્યસ્થીના કારણે થયુ હોવાનો દાવો કર્યો હતો. જો કે, ભારતે સ્પષ્ટપણે ટ્રમ્પના આ દાવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ અનેક કાર્યક્રમોમાં અને સોશિયલ મીડિયા પર ટ્રમ્પ લગભગ ૨૫ વખત કહી ચૂક્યા છે કે, ભારત-પાકિસ્તાન વચ્ચે સીઝફાયર તેમના લીધે થયુ છે.

### વિમાન દુર્ઘટનાના પીડિતોના વકીલનો મોટો દાવો

# બ્રિટિશ પરિવારોને ખોટા મૃતદેહો મળ્યા હોવાનો દાવો

**લંડન સ્થિત એક કાયદાકીય પેઢીના વકીલોનું કહેવું છે કે ખોટા અવશેષો મળવાથી પરિવારો ખૂબ જ નારાજ છે**

લંડન, તા.૨૩

અમદાવાદમાં એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં ભોગ બનેલા લોકોના પરિવારોએ ખૂબ જ ચોંકાવનારો દાવો કર્યો છે. અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારોના વકીલોનો દાવો છે કે પીડિત પરિવારોને ખોટા મૃતદેહ મળ્યા છે. લંડનમાં રહેતા પીડિતોના પરિવારોનું પ્રતિનિધિત્વ કરતા વકીલોનું કહેવું છે કે મૃતકોના અવશેષોની ખોટી ઓળખ કરીને તેમને બ્રિટન મોકલવામાં આવ્યા છે. વકીલોના મતે લંડનમાં કોરોનર એટલે કે અકસ્માતમાં માર્યા ગયેલા લોકોની તપાસ કરતા અધિકારીએ મૃતકોના અવશેષોના ડીએનએ મેચ કરીને ઓળખવાનો પ્રયાસ કર્યો ત્યારે આ વાત બહાર આવી. વકીલોનું કહેવું છે કે એક પરિવારે મૃતકના અંતિમ સંસ્કાર રદ કરવા પડ્યા કારણ કે કોરોનરએ તેમને કહ્યું હતું કે શબપેટીમાં તેમના પરિવારના સભ્યનો નહીં પરંતુ એક અજાણ્યા વ્યક્તિનો મૃતદેહ છે. બીજા પીડિત પરિવારને તેમના પરિવારના સભ્યોના અવશેષો બીજા મુસાફરના અવશેષો સાથે ભળેલા મળ્યા. બંનેના અવશેષો એક જ શબપેટીમાં રાખવામાં આવ્યા હતા. પરિવારે તેમના મૃતકોના અંતિમ સંસ્કાર કરતા પહેલા બંને મુસાફરોના અવશેષોને અલગ કરવા પડ્યા.

વકીલો કહે છે કે ખોટા અવશેષો મળવાથી પરિવારો ખૂબ જ નારાજ છે. એક પરિવારને ખ્યાલ આવ્યો કે તેમને ખોટા મૃતદેહ મળ્યા છે, જેના પછી તે મૃતદેહને દફનાવવા માટે મનાઈ કરી દીધી. વકીલોએ કહ્યું કે અમે અમદાવાદ અકસ્માત પછી મુસાફરોના મૃતદેહ કેવી રીતે મળી આવ્યા અને ઓળખાયા તેની ઘટનાઓની સાંકળ સ્થાપિત કરવા પર કામ કરી રહ્યા છીએ.

વકીલોએ પુષ્ટિ આપી કે આ કેસમાં તપાસની માંગ કરવામાં આવી છે. પરિવારોનું પ્રતિનિધિત્વ લંડન સ્થિત કાયદાકીય પેઢી કીસ્ટોન લો દ્વારા કરવામાં આવી રહ્યું છે. પીડિત પરિવારોનો આરોપ છે કે અકસ્માત પછી મૃતકોના ડીએનએ મેચિંગની પ્રક્રિયા યોગ્ય રીતે કરવામાં આવી ન હતી, જેના કારણે ખોટા મૃતદેહો બ્રિટન પહોંચ્યા છે. ૧૨ જૂનના રોજ અમદાવાદમાં થયેલા દુઃખદ વિમાન દુર્ઘટના પછી તરત જ ખૂબ જ મુશ્કેલ બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેનું નેતૃત્વ અમદાવાદ પોલીસ, ફાયર વિભાગ અને એસડીઆરએફ દ્વારા કરવામાં આવ્યું હતું. બચાવ માટે સ્નિફર ડોગ્સ અને અદ્યતન ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સ્થાનિક લોકોએ પણ આ કામગીરીમાં ભાગ લીધો હતો, જેથી પીડિતોને શક્ય તેટલી વહેલી તકે મદદ પૂરી પાડી શકાય.

અમદાવાદથી લંડન જતું એર ઈન્ડિયાનું બોઈંગ ડ્રીમલાઈનર વિમાન ટેકઓફ થયાની થોડી મિનિટો પછી જમીન પર તૂટી પડ્યું. વિમાનમાં સવાર ૨૪૨ મુસાફરોમાંથી ફક્ત એક જ વ્યક્તિ બચી ગયો. આ અકસ્માતમાં કુલ ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યો. વિમાનમાં ૧૬૯ ભારતીય, ૫૩ બ્રિટિશ નાગરિકો, સાત પોર્ટુગીઝ નાગરિકો અને એક કેનેડિયન નાગરિક સવાર હતા.


જમીન પર પડતા પહેલ વિમાન એક મેડિકલ હોસ્ટેલની ઈમારત સાથે અથડાયું હતું, જેના કારણે ઈમારત અને આસપાસના વિસ્તારમાં હાજર કેટલાક લોકો ઘાયલ થયા હતા. વિમાન જમીન પર પડતાની સાથે જ તે આગનો ગોળો બની ગયું હતું અને મોટાભાગના મૃતદેહો ખરાબ રીતે બળી ગયા હતા, જેના કારણે પીડિતોના પરિવારોના ડીએનએ નમૂના લેવામાં આવ્યા હતા જેથી તેમની ઓળખ કરી શકાય.

### અક્ષયકુમાર અને અર્શદ વારસીની

# 'જોલી એલએલબી'નું ટીઝર 'વોર ૨' સાથે લોંચ થશે

**હાલ ફિલ્મની ટીમ પ્રોમશનલ સોંગનું મુંબઈમાં શૂટિગ કરી રહી છે**

મુંબઈ, તા.૨૩



અક્ષય કુમાર માટે ૨૦૨૫નું વર્ષ સારું રહ્યું છે, તેની એક પછી એક અલગ અલગ વિષયની ફિલ્મ આવી રહી છે અને બોક્સ ઓફિસ પર સારી ચાલે છે. તેની 'સ્કાય ફોર્સ'થી લઈને 'કેસરી ચેપ્ટર ૨' અને 'હાઉસફુલ ૫' સુધીની ફિલ્મમાં તેણે અલગ પ્રકારના રોલ કર્યા છે. તેની 'જોલી એલએલબી ૩' આ વર્ષની તેની છેલ્લી ફિલ્મ હશે. સુભાષ કપૂરે ડિરેક્ટ કરેલી આ ફિલમમાં અર્શદ વારસી પણ છે. પહેલી જોલી એલએલબીમાં અર્શદ વારસી હતો અને બીજી ફિલ્મમાં અક્ષય કુમાર જોલીના રોલમાં જોવા મળ્યો હતો. ત્યારે ત્રીજા ભાગમાં આ બંને જોલી વચ્ચે ટક્કર જોવા મળશે.આ ફિલ્મ ૧૯ સપ્ટેમ્બરે રિલીઝ થશે, ત્યારે હવે ફિલ્મની ટીમ ઓગસ્ટ મહિનાથી ફિલ્મનું માર્કેટિંગ શરૂ કરવાનું આયોજન કરી રહ્યું છે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આ ફિલ્મનું ટીઝર ઓગસ્ટ મહિનાના બીજા સપ્તાહમાં લોંચ થશે. સ્વતંત્રતા દિવસ પર સમગ્ર દેશના થિએટરમાં આ ફિલ્મનું ટીઝર લોંચ થશે. સુત્રએ જણાવ્યું,''જોલી એલએલબી ૩ની ટીમ આ કોર્ટરૂમ કોમેડીનાં ટીઝર ટ્રેલર પર કામ કરી રહી છે, જેમાં આ બંને જોલી સાથે મળીને કેવી અંધાધુંધી રચે છે, જે પહેલાં ક્યારેય જોવા મળી નથી, એ દર્શાવાશે. વિચાર તો ૧૦ ઓગસ્ટ આસપાસ આ ટીઝર લોંચ કરવાનો છે. વોટર ૨ સાથે સમગ્ર દેશના થિએટરમાં આ ટીઝર જોડાવામાં આવશે.''ટીમનો ઈરાદો બને તેટલાં વધુ લોકો સુધી પહોંચવાનો છે, આ અંગે સુત્રએ જણાવ્યું, ''ક્રોસ ફિલ્મ પ્રમોશન માર્કેટિંગનું સૌથી અસરકારક માધ્યમ છે. આ અંગે ફિલ્મની ટીમ જાગૃત છે અને તેઓ ફિલ્મ રિલીઝ પહેલાંની દર્શકોની અપેક્ષાઓથી પણ વાકેફ છે, એવી પણ ચર્ચા છે કે આ ફિલ્મનું પ્રમોશન સૌથી સારી રીતે થશે. સમગ્ર પ્રમોશનના કાર્યક્રમો બહુ સારી રીતે પ્લાન થયા છે. હાલ ફિલ્મની ટીમ પ્રોમશનલ સોંગનું મુંબઈમાં શૂટિગ કરી રહી છે, જેમાં બંને જોલી છે.'' અક્ષય અને અર્શદ સાથે આ ફિલ્મમાં હુમા કુરેશી, અમૃતા રાવ અને સૌરભ શુક્લા પણ મહત્વના રોલમાં છે. ફિલ્મની ટીમ વૉર ૨ અને મલ્ટિપ્લેક્સ ચેઈન ઉપરાંત દિનેશ વિજાનના 'પરમ સુંદરી', સાજીદ નડિયાદવાલાના 'બાગી ૪' અને ફરહાન અખ્તરના '૧૨૦ બહાદુર' સાથે પણ તેમનાં ટીઝર અને ટ્રેલરના ટાઈ અપ માટે જોડાય એવી શક્યતા છે.

### JDUના દાવાથી ખળભળાટ

# મહારાષ્ટ્રમાં કંઈક મોટું થવાનું છે, શરદ પવાર-ઉદ્ધવ જૂથ BJPના સંપર્કમાં

**જનતા દળ (યુનાઇટેડ) ના દિગ્ગજ નેતા કે.સી. ત્યાગીએ દાવો કર્યો છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં કંઈક મોટું થવાનું છે**

મુંબઈ, તા.૨૩

મહારાષ્ટ્રમાં ફરી એકવાર પલટો આવવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જનતા દળ (યુનાઈટેડ) ના દિગ્ગજ નેતા કે.સી. ત્યાગીએ દાવો કર્યો છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં કંઈક મોટું થવાનું છે. એનસીપી-એસપી અને શિવસેના-યુબીટી, તેઓ સતત ભાજપ સાથે સંપર્કમાં છે. જેડીયૂના દિગ્ગજ નેતા કે.સી. ત્યાગીએ તાજેતરના રાજકીય વિકાસ પર મહત્વપૂર્ણ ટિપ્પણીઓ કરી છે. એક તરફ, કે.સી. ત્યાગીએ સમાજવાદી પાર્ટીના સાંસદોના મસ્જિદમાં જવા પર અખિલેશ યાદવનો બચાવ કર્યો, તો બીજી તરફ તેમણે મહારાષ્ટ્રના રાજકારણમાં મોટો પલટો આવવાનો દાવો કર્યો છે.

JDU નેતા કે.સી. ત્યાગીએ સમાચાર એજન્સી સાથેની વાતચીતમાં શરદ પવાર, અખિલેશ યાદવ અને મમતા બેનર્જીના નિવેદનો પર પ્રતિક્રિયા આપી. ઉપરાંત, તેમણે બિહારમાં SIR પર ચાલી રહેલા રાજકારણ વચ્ચે પોતાનો મુદ્દો રજૂ કર્યો. તમને જણાવી દઈએ કે દિલ્હીમાં સંસદ ભવન પાસે બનેલી મસ્જિદમાં અખિલેશ યાદવ સમાજવાદી પાર્ટીના સાંસદો સાથે જોવા મળ્યા હતા. ભાજપે આ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. જોકે, કે.સી. ત્યાગીનું નિવેદન સંપૂર્ણપણે વિપરીત આવ્યું છે. તેમણે કહ્યું કે આ ખોટું નથી.

તેમણે કહ્યું, "રામપુરના સમાજવાદી પાર્ટીના સાંસદ મોહીબુલ્લાહ નદવી આ મસ્જિદના ઈમામ છે. તેમના આમંત્રણ પર, સપાના સાંસદો ત્યાં ચા પીવા ગયા હતા." અગાઉ, ભાજપે અખિલેશ યાદવ પર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને કહ્યું હતું કે મસ્જિદ સભા સ્થળ નથી.

બિહારમાં એસઆઈઆરના મુદ્દા પર, કેસી ત્યાગીએ કહ્યું, "એસઆઈઆરનું મૂલ્યાંકન ચાલી રહ્યું છે. ૯૭ ટકા લોકોએ પોતાના નામ નોંધાવ્યા છે. રાજકીય પક્ષોને એક મહિનાનો સમય આપવામાં આવશે જેથી તેમના નામ યોગ્ય રીતે સામેલ થઈ શકે." તેમના દાવાની પણ ચર્ચા થઈ રહી છે કારણ કે તાજેતરમાં, ભલે તે મજાકમાં હોય, સીએમ ફડણવીસે ઉદ્ધવ ઠાકરેને તેમની સાથે જોડાવાની ઓફર કરી હતી.

### ઉપરાષ્ટ્રપતિના રાજીનામાં અંગે વધુ એક ખુલાસો

# પ્રોટોકોલ તોડી રાષ્ટ્રપતિને મળવા પહોંચ્યા હતા ધનખડ

**રાત્રે ૯ વાગ્યે એપોઇન્ટમેન્ટ વગર જ ધનખડ મળવા આવતા બંધારણીય અધિકારીઓમાં ખળભળાટ મચી ગયો હતો**

નવી દિલ્હી, તા.૨૩

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સ્વાસ્થ્યના કારણોસર પોતાના પદ પરથી ૨૧ જુલાઈના રોજ રાજીનામું આપી દીધું છે, જેને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સ્વીકારી લીધું છે. આ રાજીનામાંથી રાજકીય વર્તુળોમાં હડકંપ મચી ગયો છે. એવામાં હવે મળતી જાણકારી અનુસાર ધનખડ ૨૧ જુલાઈની રાત્રે ૯ વાગ્યે કોઈપણ પૂર્વ સૂચના વગર રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા, જેના કારણે ત્યાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. રાષ્ટ્રપતિ ભવનમાં તમામ પ્રવૃત્તિ પ્રોટોકોલ હેઠળ થાય છે, પરંતુ ધનખડના અચાનક પહોંચવાથી કાર્યાલયમાં ખળભળાટ મચી ગયો હતો.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, રાત્રે ૯ વાગ્યે એપોઈન્ટમેન્ટ વગર જ ધનખડ મળવા આવતા બંધારણીય અધિકારીઓમાં ખળભળાટ મચી ગયો હતો. દરમિયાન, એડીસી તાત્કાલિક લશ્કરી સચિવને ધનખડના રાષ્ટ્રપતિ ભવન આગમનની જાણ કરવા દોડી ગયા. બાદમાં, રાષ્ટ્રપતિ મુર્મુને મળ્યા બાદ, ધનખડે પોતાનું રાજીનામું સોંપ્યું હતુ અને આ માહિતી રાત્રે ૯:૨૫ વાગ્યે જાહેર કરવામાં આવી.

ઉપરાષ્ટ્રપતિના રાજીનામા પછી આજે પહેલી વાર રાજ્યસભાની વ્યાપાર સલાહકાર સમિતિ (BAC) ઉપસભાપતિ હરિવંશની અધ્યક્ષતામાં મળશે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને રાજ્યસભામાં ગૃહના નેતા જેપી નડ્ડા ૨૧ જુલાઈના રોજ ધનખડની અધ્યક્ષતામાં યોજાયેલી BAC બેઠકમાં હાજર રહ્યા ન હતા. જગદીપ ધનખડે ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપ્યા બાદ ચૂંટણી પંચ ટૂંક સમયમાં આગામી ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચૂંટણી પ્રક્રિયા શરૂ કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે મંગળવારે ધનખડના રાજીનામાની સત્તાવાર સૂચના જાહેર કર્યા પછી તેમના ઉત્તરાધિકારી માટે ચૂંટણી પ્રક્રિયા ટૂંક સમયમાં શરૂ થઈ શકે છે. લોકસભા અને રાજ્યસભા બંનેના સભ્યો, જેમાં નામાંકિત સભ્યોનો સમાવેશ થાય છે, ઉપરાષ્ટ્રપતિની પસંદગી કરે છે. સૂચના જાહેર થયાના દિવસથી 'મતદાન માટે ચૂંટણી મંડળને બોલાવવા' અને મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવા માટે ૩૦ દિવસનો સમયગાળો નક્કી કરવામાં આવ્યો છે.

### કેદારનાથ જનારા ભક્તો માટે ખુશીના સમાચાર

# યાત્રાળુઓને કેદારનાથ પહોંચવા માટે ૧૬ કિલોમીટર ચાલવું નહીં પડે

**કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયે આ હેતુ માટે ૭ કિલોમીટર લાંબી ટનલ બનાવવાની તૈયારી શરૂ કરી છે**

કેદારનાથ, તા.૨૩

દર વર્ષે લાખો યાત્રાળુઓ ભગવાન શિવને સમર્પિત કેદારનાથ ધામની મુલાકાત લે છે. આવી સ્થિતિમાં યાત્રાળુઓને ઘણા મુશ્કેલ માર્ગોમાંથી પસાર થવું પડે છે. હવે સરકાર યાત્રાળુઓની સુવિધા માટે કેદારનાથ ધામ પહોંચવા માટે બીજો વૈકલ્પિક માર્ગ શોધવામાં વ્યસ્ત છે. આગામી ૪-૫ વર્ષમાં કેદારનાથ જવા માટે બે રસ્તા હશે. કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રાલયે હવે કેદારનાથ ધામ જવાના માર્ગને સરળ અને સુગમ બનાવવા માટે ૭ કિલોમીટર લાંબી ટનલ બનાવવાની તૈયારી કરી છે. આ ટનલના નિર્માણ પછી ગૌરીકુંડથી કેદારનાથ ધામનું અંતર ૧૬ કિલોમીટરથી ઘટીને ૫ કિલોમીટર થઈ જશે.

ટનલ બન્યા પછી કેદારનાથ ધામ જવા માટે બે રસ્તા હશે. પહેલો ગૌરીકુંડથી રામબાડા-લિંચોલી સુધીનો ૧૬ કિલોમીટર લાંબો રસ્તો અને બીજો ટનલ રૂટ છે. ટનલના નિર્માણ માટે મંત્રાલયે પર્વતનો પ્રારંભિક સર્વે કર્યો છે. માહિતી અનુસાર આ ટનલ ચૌમાસીથી ઉત્તરાખંડમાં કાલીમઠ ખીણના છેલ્લા ગામ લિંચોની સુધી બનાવવામાં આવશે, જે ૬૫૬૨ ફૂટ ઉપર છે. તમને જણાવી દઈએ કે ચૌમાસી સુધી હજુ પણ એક પાકો રસ્તો છે. આ પછી ૭ કિલોમીટર લાંબી ટનલ હશે, પછી તમારે ૫ કિલોમીટરનું અંતર ચાલીને કાપવું પડશે.

તમને જણાવી દઈએ કે કેદારનાથ ધામ પહોંચવા માટે હાલમાં ગૌરીકુંડથી ૧૬ કિલોમીટર ચાલવું પડે છે. આ સમય દરમિયાન, મુસાફરોને ખચ્ચર અને ઘણા ઉબડખાબડ રસ્તાઓનો સહારો લેવો પડે છે. ગૌરીકુંડથી રામબાડા સુધીનો ૧૬ કિલોમીટર લાંબો રસ્તો ૯ કિલોમીટર અને રામબાડાથી લિંચોલી ૨ કિલોમીટર અને લિંચોલીથી કેદારનાથ મંદિર સુધીનો ૫ કિલોમીટર લાંબો રસ્તો છે. આ આખો ચાલવાનો રસ્તો મંદાકિની નદીના કિનારે છે.

### અમદાવાદમાં મોટી દુર્ઘટના ટળી

# ફ્લાઈટના એન્જિનમાં અચાનક લાગી આગ પાયલટે તુરંત એટીસીને 'મેડે'નો કોલ આપ્યો

**તાત્કાલીક પ્લેનને ટેકઓફ કરતું અટકાવી દીધું હતું, ત્યારબાદ તમામ પ્રવાસીઓને સુરક્ષિત નીચે ઉતારી લેવાયા અને ફ્લાઈટ કેન્સલ કરી દેવાઈ**

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઈટની મોટી દુર્ઘટના ટળી છે. અમદાવાદથી દીવ ટેકઓફ કરવાની તૈયારી કરી રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં અચાનક આગ લાગી છે. ફ્લાઈટમાં કુલ ૬૦ પ્રવાસીઓ હતા. આગની જાણ થતાં જ પાયલટે તુરંત એટીસીને 'મેડે'નો કોલ આપ્યો હતો અને તાત્કાલીક પ્લેનને ટેકઓફ કરતું અટકાવી દીધું હતું. ત્યારબાદ તમામ પ્રવાસીઓને સુરક્ષિત નીચે ઉતારી લેવાયા છે અને ફ્લાઈટ કેન્સલ કરી દેવાઈ છે.

ઈન્ડિગોના પ્રવક્તાએ કહ્યું કે, 'આજે સવારે ૧૧.૦૦ કલાકે અમદાવાદ એરપોર્ટ પરથી ઈન્ડિગોની ફ્લાઈટ નંબર ATR76 ટેકઓફ થવાની હતી. જોકે ફ્લાઈટમાં ટેકનીકલ ખામીની જાણ થતાં જ ફ્લાઈટ રદ કરી દેવાઈ છે.' રિપોર્ટ મુજબ એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) દ્વારા ફ્લાઈટને ક્લિયરન્સ પણ મળી ગયું હતું, ત્યારબાદ ફ્લાઈટે રન-વે પર રોલિંગ શરૂ કરી દીધું હતું. રોલિંગ બાદ પ્લેન ટેકઓફ થઈ જાય છે, જોકે આ દરમિયાન ફ્લાઈટના એન્જિનમાં આગ લાગી હતી. ત્યારબાદ પાયલટે તાત્કાલીક સમયસૂચકતા દાખવી એટીસીને મેડે કોલ આપ્યો હતો અને ફ્લાઈટના અટકાવી દીધી હતી.

પાયલટની સમય સૂચકતાના કારણે ફ્લાઈટના તમામ પ્રવાસીઓ સુરક્ષિત છે.

મુસાફરોને ફ્લાઈટમાંથી સુરક્ષિત નીચે ઉતારાયા છે. ઈન્ડિગોના પ્રવક્તાએ કહ્યું કે, 'પાયલટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું પાલન કરીને અધિકારીઓને માહિતી આપી છે અને પ્લેનને ફરી 'બે'માં મોકલી દેવાયું છે. પ્લેનને ઓપરેશનમાં લાવ્યા પહેલા તમામ તપાસ અને મેન્ટેન્સ કરવામાં આવશે.

ઈન્ડિગો એરલાઈન્સે અસુવિધા બદલ મુસાફરોની માફી માંગી છે. એરલાઈન્સે મુસાફરોને તમામ સુવિધા પુરી પાડી અન્ય ફ્લાઈટ રવાના કર્યા છે અને ફુલ રિફંડની પણ ઓફર કરી છે. આ પહેલા સોમવારે (૨૧ જુલાઈ)ના રોજ ગોવાથી ઈન્દોર જઈ રહેલી ઈન્ડિગોની ફ્લાઈટમાં પણ લેન્ડિંગ પહેલા ટેકનિકલ ખામી થઈ હતી, જોકે પાયલટે ફ્લાઈટને સુરક્ષિત લેન્ડ કર્યું હતું.

# અમરેલીનાં બ્રહ્મકુમારીઝ ૪૫૦ શિક્ષકોએ આંતરિક સશકિતકરણના સેમીનારમાં ભાગ લીધો









બ્રહ્મકુમારીઝ દિવ્ય અનુભૂતિ ભવન અમરેલીના વિશાળ સભાખંડમાં જિલ્લાના તમામ આચાર્યો શિક્ષકો અને સંચાલકોએ શિક્ષણ ક્ષેત્રમાં શિક્ષકોની આંતરિક સશકિતકરણના સેમિનારમા ૬૫૦થી વધારે હાજરી આપી ઈન્ટરનેશનલ મોટી વેશનલ સ્પીકર બ્ર.કુ.ડાૅ.વી. સ્વામીનાથન ભાઈએ જુદા જુદા ઉદાહરણો દ્વારા શિક્ષક દ્વારા વિદ્યાર્થીઓમાં એકાગ્રતા કેવી રીતે લાવી શકાય અને એકાગ્રતા વધશે તો યાદ શકિત વધશે. જેથી બાળક પોતાના અભ્યાસમાં સફળતાના શિખરો સર કરશે. બાળકના ઘડતરમાં પ્રાથમિક શિક્ષકનું મહત્વનું સ્થાન ધરાવે છે. બાળકોની યાદ શકિત વધારવા રોજ મેડીટેશન કરાવવા પર ભાર મુકતા જણાવેલ કે તેમની હેલથ સારી રહેશે. આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારીના પ્રતિનિધ તરીકે ગોયાણી, જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, જિલ્લા માધ્યમિક સંઘના પ્રમુખ પી.આર. રાઠોડ, મંત્રી નિલેશભાઈ મહેતા, નગર પાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોષી, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના મંત્રી નિલેશભાઈ ઠુંમ્મર, વિદ્યાસભાના ડાયરેકટર પેથાણી, નગર પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ વિછીંયા રૂપાયતન ટ્રસ્ટના આર.એલ. કાચાએ દિપ પ્રાગટય દ્વારા આ સેમિનારને ખુલ્લો મુકેલ. અમરેલી સેવા કેન્દ્રના મુખ્ય સંચાલિકા બ્ર.કુ. ગીતાબહેને બ્ર.કુ. ડાૅ.ઈ.વી. સ્વામીનાથન ભાઈનો પરિચય તથા સંસ્થા ચાલતા કાર્યક્રમોની માહીતી અને પધારેલ મહેમાનોનું બાબા ઘરમાં સ્વાગત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બ્ર.કુ. બીનાબેને કરેલ. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા શિક્ષકોનો આભાર રાજય અને રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક બ્ર.કુ. આઈ.પી. બારડે કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે બ્ર.કુ. કિંજલદીદી, બ્ર.કુ. તૃપ્તીદીદી, બ્ર.કુ. મિતાલીદીદી તથા બ્ર.કુ. ચેતુભાઈએ ભારે જહેમત ઉઠાવેલ તેમ ફિલ્ડ રીપોટર બ્ર.કુ. આઈ.પી. બારડની યાદી જણાવે છે.

## પાના ૧ ઉપરનું ચાલું ધારીમાં સસ્તુ સોનું આપવાનાં બ્હાને

તથા ગોવિંદ દેવાભાઈ રાઠોડ તથા જુનાગઢ જિલ્લાના માંગરોળ ગામે રહેતા જાબીરભાઈ ઈકબાલભાઈ બાનવા સાથે મળી માધવપુર ખાતે રહેતા અકરમભાઈ તથા ઓસમાણભાઈ તથા વનીતાબેન ચૌહાણ સાથે એનકેનપ્રકારે સંપર્કમાં રહી તેઓને સોનાના સિક્કા ખરીદ કરવાની લાલચ આપી, વિાસમાં લઈ છેતરપીંડીથી ખોટા પીળી ધાતુના સિક્કા આપી રોકડા રૂપિયા સાત લાખ લઈ નાસી ગયેલ હોવાની હોવાનુ જણાવેલ હતું.

આજથી આશરે એકાદ વર્ષ પહેલા પકડાયેલ આરોપી દીલીપભાઈ જીવનભાઈ સોલંકી તથા ઈરભાઈ ગંગારામ વાઘેલા (રહે. બંન્ને જુનાગઢ) વાળાએ સાથે મળી જુનાગઢ બસ સ્ટેશન વિસ્તારમાં એક પુરૂષ મુસાફરને પોતાની પાસે રહેલ પીળી ધાતુના સીક્કાઓ સોનાના હોવાથી સસ્તા ભાવે આપવાની લાલચ આપી છેતરપીંડીથી પચાસ હજાર રૂપિયા રોકડા લઈ ખોટા સિક્કાઓ આપી જતા રહેલ હોવાનુ જણાવેલ છે.

આજથી આશરે સાતેક મહિના પહેલા આરોપી દીલીપભાઈ જીવનભાઈ સોલંકી તથા ઈરભાઈ ગંગારામ વાઘેલા સાથે મળી જુનાગઢથી ઉપલેટાની સરકારી બસમાં બેસી ઉપલેટા જતા ત્યારે ઉપલેટાના એક પુરૂષ મુસાફરને પોતાની પાસે રહેલ પીળી ધાતુના સીક્કાઓ સોનાના હોવાથી તેને સસ્તા ભાવે આપવાની લાલચ આપેલ અને તે ભાઈને બે દિવસ પછી જુનાગઢ ફરી વખત રૂબરૂ બોલાવી એક લાખ રૂપિયા લઈ તેને ખોટા સિક્કાઓ આપેલ હોવાનુ જણાવેલ છે.

પકડાયેલ આરોપીઓ સસ્તા ભાવે સોનું લેવા બાબતે લાલચ આપતા અને નમુના તરીકે સાચા સોનાનો સિક્કો પહેલા આપી વિાસમાં લેતા હતાં અને બાદમાં આવા ઘણા બધા સોનાના સિક્કાઓ છે અને સસ્તા ભાવે મળશે તેમ જણાવી અને બાદ જે લોકો સોનું લેવા માંગતા હોય તેને મોટી રકમ સાથે અલગ જગ્યાએ બોલાવી તેની પાસેથી પૈસા લઈ સોનાના બદલે નકલી સોના જેવા દેખાતા સિક્કાઓ આપી છેતરપીંડી કરી ગુનો કરવાની ટેવવાળા છે.

## પાના ૧ ઉપરનું ચાલું રાજુલાની સરકારી હોસ્પિટલમાં

હાલતમાં છે અને ફક્ત ૧૦૮ એક એમ્બ્યુલન્સ રાજુલામાં હોવાથી તે ઈમરજન્સી દર્દી માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ત્યારે રાજુલા સરકારી હોસ્પિટલમાંથી ૨૪ કલાક દરમિયાન દરરોજના ચારથી પાંચ દર્દીઓને રિફર કરવામાં આવે છે તેમજ પ્રસુતિ દરમિયાન નાના બાળ કોને પ્રાઈવેટ હોસ્પિટલોમાં સારવાર માટે લઈ જવામાં આવતા હોય છે. ત્યારે પણ એમ્બ્યુલન્સની જરૂર પડે છે તેમજ ઓર્થોપેડિક દર્દી પણ સરકારી હોસ્પિટલમાં આવતા હોય તેઓને પણ રાજુલા શહેરની ખાનગી હોસ્પિટલોમાં લઈ જવાતા હોય છે. ત્યારે દરરોજના અંદાજિત દસ જેટલા દર્દીઓ રીફર થતા હોય છે. આવા સમયે સતત ૧૫ દિવસથી રાજુલા શહેરની સરકારી હોસ્પિટલ એમ્બ્યુલન્સ વિહોણી છે. જો જીવીકે કંપની પાસે સ્ટાફન હતો. તો આ સરકારી એમ્બ્યુલન્સ શા માટે સંભાળી તેવા પ્રશ્ન ઉઠી રહ્યા છે. ત્યારે ઉપરોક્ત ઘટનાની આ માહિતી અમરેલી જિલ્લાના કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ટીકુભાઈ વરૂને ધ્યાને આવતા તેમણે જણાવ્યું છે કે જો અમરેલી જિલ્લાના રાજુલા જાફરાબાદ તાલુકાના એમ્બ્યુલન્સમાં જો તાત્કાલિક પણે ડ્રાઈવરો મૂકી અને આ એમ્બ્યુલન્સ શરૂ કરવામાં નહીં આવે તો અમરેલી જિલ્લા કોંગ્રેસ પરિવાર દ્વારા ઉગ્ર આંદોલનો કરવા પડશે અને જયારે આરોગ્યની બાબત હોય ત્યારે અમારી સાથે વિવિધ સંસ્થાઓ પણ જોડાશે. ત્યારે જવાબદારી સરકારની રહેશે તેવી ટીકુભાઈ વરૂ એ જણાવેલ છે. હવે જોવાનું એ છે કે સરકાર જાગશે કે પછી આ જીવીકે કંપની જાગશે? કે પછી જનતા આંદોલન થશે?

## એડવોકેટ પંડયા અને જાદવની દલીલો સફળ

# અમરેલીમાં નોંધાયેલ દુષ્કર્મ કેસનાં આરોપીનો નિર્દોષ છુટકારો થયો

### સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં નિર્દોષ





અમરેલી, તા. ૨૩

અમરેલી સિવિલ હોસ્પિટલ નજીક રહેતી એક સગીરાને લલચાવી ફોસલાવી, ધમકાવી, ડરાવી, અપહરણ કરી બળાત્કાર ગુજારી જાતીય હુમલો કર્યા ની સંગીરાના માતાએ અમરેલી સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પી.આઈ. ડી. કે. વાઘેલાએ આરોપીની અટકાયત કરી. કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરતા ઉપરોકત કેસ અમરેલી સ્પેશિયલ પોકસોના જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવ સાહેબની કોર્ટ સમક્ષ કેસ ચાલી જતા તમામ પુરાવાઓનું મૂલ્યાંકન કરી અંતે આરોપી નંબર (૨) આકાશ અશોકભાઈ સોલંકી રહે. ગોંડલ, ધંધો રીક્ષા ચાલક તરફે એડવોકેટ સંદીપ પી. પંડયા, એડવોકેટ રામજીભાઈ વી. જાદવની દલીલો અને જીણવટ ભરી કાયદાકીય રજૂઆતોના અંતે કોર્ટે આરોપી આકાશ અશોકભાઈ સોલંકીને આઈ.પી.સી. ની કલમ ૨૩૫(૧), ૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(ઉં), ૩૭૬(૨)(ગ), ૩૭૬(૩), ૧૧૪, અને સ્પેશિયલ પોકસો એકટ કલમ ૪, ૬, ૮, ૧૦, ૧૨, ૧૭, ૧૮ કલમનો ગુન્હા નો ચાર્જના આરોપી આકાશ અશોકભાઈ સોલંકીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો હતો.

## પાના ૮ ઉપરનું ચાલું જો જિલ્લાની જનતા જાગે તો

ગુલામીમાંથી બહાર કાઢીને લોકશાહી શાસન સ્થાપવા માટે દેશનાં અનેક વ્યકિતઓએ બલિદાન આપેલ છે અને હજુ પણ દેશમાં લોકશાહી તંદુરસ્ત બને તે માટે અનેક વ્યકિતઓ લડત ચલાવતાં જોવા મળી રહ્યા છે.

અમેરિકા જેવો દેશ આજે વિશ્વનો સૌથી વધુ વિકસિત બન્યો છે. કારણ કે તે દેશમાં લોકશાહીનું જતન ત્યાનાં દેશવાસીઓએ કર્યુ છે અને ત્યાંની જનતા અમેરિકાનાં પ્રમુખ જનવિરોધી નીતિનો ખુલ્લેઆમ વિરોધ કરે છે અને પ્રમુખને પણ આમ નાગરિક સવાલ કરતો હોય છે.

અમરેલી જિલ્લાની જનતા માત્ર પદાધિકારીઓ સાથે "સેલ્ફી" લઈને સંતોષ માને. જનપ્રતિનિધિઓ આંગણે આવે તો અને નહી તો તેને મળીને જે કોઈ સમસ્યા પરેશાન કરતી હોય તેનું નિરાકરણ કયારે લાવશો તેવો સવાલ કરે તો જિલ્લાની લગભગભ તમામ સમસ્યાનો નિકાલ થશે નહી તો આઝાદી બાદ ૭૭ વર્ષ ગયા તેમ બીજા ૭૭ વર્ષ પણ પસાર થઈ જશે અને ભાવિ પેઢી આજની પેઢીને માફ નહી કરે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીનીઓને

કુલ મળીને રૂા. ૫૦ હજારની સહાય ચૂકવવામાં આવે છે. સરકારી, અનુદાનિત અને ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓને લાભ મળવાપાત્ર છે. અહીં એ વાત ખાસ ધ્યાને લેવાની રહે કે, આ લાભ માત્ર એ પરિવારની દીકરીઓને મળવાપાત્ર છે જેમની વાર્ષિક આવક રૂા. ૬ લાખ કે તેથી ઓછી છે.

સમાજમાં એક માન્યતા પ્રવર્તે છે કે, દીકરો કુળદીપક છે, જયારે દીકરી તો પારકા ઘરની થાપણ! સમાજ એ વાત ભૂલી રહ્યો છે કે, દીકરો માત્ર એક કુળને તારશે, જયારે દીકરી તો એકસાથે બે કુળને તારે છે. ૨૧ મી સદી એ જ્ઞાનની સદી છે. ત્યારે દીકરીઓ શિક્ષિત બને તે જરૂરી નહીં પણ અનિવાર્ય છે. તેજ ગતિથી આગળ ધપતી દુનિયામાં દીકરીઓ શિક્ષિત બનીને સશકત બનશે તો તે સમાજના સશકિતકરણમાં પણ મહત્વની જવાબદારીઓ નિભાવશે.

રાજય સરકારની 'નમો લક્ષ્મી યોજના' સહિતની શિક્ષણલક્ષી યોજનાઓના લીધે હવે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારની દીકરીઓ પણ શાળાકીય શિક્ષણ પૂર્ણ કરી શકશે અને સશકત બની શકશે. આ યોજના વિષયક વધુ વિગતો જાણવા માટે ગુજરાત સરકારની વિશેષ પહેલ 'મારી યોજના' પોર્ટલ https://mariyojana.gujarat.gov.in/ પરથી જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.

**આલેખન: ધર્મેશ એન. વાળા**

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૪૦ | ૧૦૫૯ |
| ૨ | શિંગ મોટી | ૮૦૦ | ૧૨૦૦ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૫૫૧ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૧૧૦૦ | ૧૫૨૫ |
| ૫ | તલ સફેદ | ૧૦૦૦ | ૨૦૫૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૪૦૭૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૧૯૦ |
| ૮ | બાજરો | ૩૬૨ | ૪૭૬ |
| ૯ | જુવાર | ૩૦૦ | ૮૧૨ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૩૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૮૨ | ૫૫૦ |
| ૧૨ | મકાઈ | ૬૧૧ | ૬૧૧ |
| ૧૩ | મગ | ૧૦૯૦ | ૧૫૬૦ |
| ૧૪ | અડદ | ૭૦૦ | ૧૨૪૫ |
| ૧૫ | ચણા | ૮૮૮ | ૧૧૯૫ |
| ૧૬ | ચણા દેશી | ૧૧૯૩ | ૧૧૯૩ |
| ૧૭ | સફેદ ચણા | ૧૧૪૨ | ૧૧૯૯ |
| ૧૮ | તુવેર | ૧૦૯૫ | ૧૨૭૧ |
| ૧૯ | કપાસ | ૮૮૦ | ૧૬૯૯ |
| ૨૦ | એરંડા | ૯૦૦ | ૧૨૮૪ |
| ૨૧ | જીરૂ | ૨૦૦૦ | ૩૪૯૦ |
| ૨૨ | રાય | ૧૩૦૦ | ૧૩૮૫ |
| ૨૩ | ધાણા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| ૨૪ | ધાણી | ૧૧૩૦ | ૧૪૪૫ |
| ૨૫ | અજમા | ૧૩૬૫ | ૧૩૬૫ |
| ૨૬ | મેથી | ૭૩૦ | ૯૫૨ |
| ૨૭ | સોયાબીન | ૭૩૦ | ૮૧૭ |
| ૨૮ | કાંગ | ૩૨૫ | ૫૬૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૭૫ | ૧૬૨૫ |
| ૨ | તલ સફેદ | ૧૧૧૦ | ૧૫૫૦ |
| ૩ | તલ કાળા | ૩૧૦૦ | ૩૧૦૦ |
| ૪ | તુવેર | ૧૧૦૫ | ૧૧૦૫ |
| ૫ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| ૭ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | મેથી | ૮૦૧ | ૮૦૧ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૧ | ૧૧૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૮૦ | ૧૧૩૧ |
| ૩ | શીંગ દાણા | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૦૦ | ૧૮૭૦ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૪૦૦૦ |
| ૬ | જીરૂ | ૩૦૦૦ | ૩૬૫૦ |
| ૭ | કપાસ | ૧૪૫૦ | ૧૭૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૨૫ |
| ૧૦ | બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | – | ૭૭૪ |
| ૧૨ | મગ | ૧૨૫૦ | ૧૫૧૫ |
| ૧૩ | ચણા | ૧૧૦૦ | ૧૨૨૦ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૫ | એરંડી | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ૧૬ | ધાણા | ૧૦૫૦ | ૧૩૩૦ |
| ૧૭ | સોયાબીન | – | ૭૫૦ |

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ-મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે, ઈ-મેઈલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૨૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૩૫ | ૫૨૮ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૪૦ |
| ૪ | ચણા | ૧૧૭૫ | ૧૧૮૦ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૧૯૫૦ |
| ૬ | સોયાબીન | ૭૮૩ | ૭૯૮ |
| ૭ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૮ | ધાણા | ૧૧૦૦ | ૧૩૩૫ |
| ૯ | ચોળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૧ | તલ કાળા | ૨૨૦૦ | ૩૩૫૦ |
| ૧૨ | લસણ | ૫૬૦ | ૭૫૦ |
| ૧૩ | મગફળી | ૮૦૦ | ૮૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૫૭૦ | ૧૬૭૮ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૫૦ | ૧૫૪૦ |
| ૩ | મગફળી | ૯૯૦ | ૧૧૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૧૮૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૬૫ | ૩૬૭૫ |
| ૬ | ઘઉં | ૪૭૮ | ૫૨૨ |
| ૭ | ચણા | ૧૦૧૯ | ૧૧૬૧ |

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** તે અમારા અસીલ **(૧) ઋષિકભાઈ મહેશભાઈ રાવળ (૨) અક્ષયભાઈ મહેશભાઈ રાવળ રહે. બાબરા**વાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ / તાકી કરૂં છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે-બાબરા ગામે જુના ગામતળ વિસ્તારમાં કલાલ ચોકમાં આવેલ દુકાનો પૈકી દુકાન-૩ કે જેનું માપ ચો.મી.૧૩.૦૧૩૯ અને ૧૬.૦૪૬૧ છે. જેનુ કુલ ક્ષેત્રફળ ચો.મી.૨૯.૦૬૩૮ના હક્કની દુકાન જેના સીટીસર્વે નં.-૨૧૦૮ છે, અને આ મિલ્કત નગરપાલિકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં.- ૧૦૦૪૬૬૧ ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલ એ રજી. વેચાણ દસ્તાવેજ નં.- ૨૨૫૫/૨૦૨૩ થી **પ્રભાબેન ધીરૂભાઈ હિરપરા** પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લિ.- બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાંકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હક્ક - હિસ્સો તેમજ હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન-૦૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપીશું, અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદ્દત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ્દ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**તારીખ : ૨૩/૦૭/૨૦૨૫**
**સ્થળ : બાબરા**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર : **સુરેશચંદ્ર બી. તેરૈયા (એડવોકેટ)** તે અમારા અસીલ **પરેશભાઈ નંદલાલભાઈ પાટડીયા રહે. બાબરા**વાળાની સુચના અનુસાર લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટિસથી જાણ / તાકી કરૂં છું કે,

અમારા અસીલ એ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના મોજે-બાબરા ગામે જુના ગામતળ વિસ્તારમાં બાલમુકુંદ નગરમાં પ્લોટ નં. ૨૮/૨ આવેલ જેનુ માપ ચો.મી.૭૪-૧૯ના હકકની દુકાન જેના બે નંબરમાં મંજૂરીના હુકમનો નંબર 16 95-96 તા. ૧૮/૦૭/૧૯૯૬ છે. અને ઓનલાઈન સબપ્લોટીંગ નં. ODPS/2022/094472 છે. અને આ મિલ્કત નગરપાલિકા કચેરી બાબરાના આકારણી અનુક્રમ નંબર / ટેનામેન્ટ નં.- 10077498 ઉપર નોંધાયેલ છે, આ મિલ્કત અમારા અસીલ એ રજી. વેચાણ દસ્તાવેજ નં.- ૪૧૬/૨૦૧૫ થી **(૧) પરેશભાઈ ધીરજભાઈ કારીયા (૨) નટવરલાલ મગનલાલ કારીયા** પાસેથી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરેલ છે.

અને અમારા અસીલ આ મિલ્કત પર શ્રી નાગરીક સહકારી બેંક લિ.- બાબરામાંથી નાણાંકીય સવલતો મેળવવા માંગે છે અને તે સબંધે અમારી પાસે એન.ઓ.સી./ ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

ઉપરોકત મિલ્કતમાં કોઈ ઈસમ / વ્યકિતનું કે કોઈ નાણાંકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી સંસ્થાનું હિત સમાયેલ હોય કે, ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના ઉપર બોજો કરવામાં આવેલ હોય તો અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગભાગ, હક્ક - હિસ્સો તેમજ હિત સમાયેલ હોય તો આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દીન-૦૭ (સાત) માં લેખિત આધાર પુરાવા સાથે જાણ કરવી. મુદ્દત પૂર્ણ થયે કોઈના કોઈપણ જાતની તકરાર માન્ય રહેશે નહિ અને તેમણે પોતાના તમામ હક્ક હિસ્સા જતા કરેલ છે. તેમ માની અમો ઉપરોકત મિલ્કત ઉપર ટાઈટલ કલીયરન્સ સર્ટીફિકેટ આપીશું, અમારા અસીલ બેંક સદર મિલ્કત મોર્ગેજ / ગીરોમાં લેશે અને પોતાનો ચાર્જ ઉભો કરશે. મુદ્દત વિત્યે પાછળથી કોઈના કોઈપણ પ્રકારના વાંધા ચાલશે નહિ, અને જો કરશે તો આ જાહેર નોટિસથી રદ્દ બાતલ ગણાશે. જેની આ જાહેર નોટિસથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**તે અમારા અસીલની સ્પષ્ટ સુચનાથી**

**તારીખ : ૨૩/૦૭/૨૦૨૫**
**સ્થળ : બાબરા**

**સુરેશચંદ્ર બી. તેરૈયા**
**(એડવોકેટ)**

## જાહેર નોટિસ

**// મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ વડીયાની કોર્ટમાં //**

નં.જન્મ-મરણ નોંધણી/અરજી નં.૪૦/૨૦૨૫

**અરજદારશ્રી :** શ્રી પ્રાગજીભાઈ ધનાભાઈ સોલંકી, મુ. ભાયાવદર, તા.વડીયા, જિ.અમરેલી

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** ૧. તલાટી કમ મંત્રીશ્રી, ભાયાવદર, તા.વડીયા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટિસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, **અરજદારશ્રી પ્રાગજીભાઈ ધનાભાઈ સોલંકીના પુત્ર સુમિતકુમાર પ્રાગજીભાઈ સોલંકીનો જન્મ તા.૧૫/૦૧/૧૯૮૭ ના રોજ મુ.ભાયાવદર, તા.વડીયા, જી.અમરેલી** મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટિસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટની કચેરી વડીયા** ખાતે જરૂરી આધાર - પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૧૮/૦૭/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કો કરી આપ્યા.

સિક્કો

**મામલતદાર અને એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ વડીયા**

## જાહેર નોટિસ / ચેતવણી

આથી અમો **માણેકસ્થંભ એપાર્ટમેન્ટ**ના ફલેટ ધારકો નીચે સહી કરનાર **જાહેર નોટીસ / ચેતવણી આપીને,** જાહેર જનતા તથા લાગતા વળગતાને જણાવવાનું કે, અમરેલી નગરપાલિકાની હદમાં, લાઠી રોડ વિસ્તારમાં ભગીની છાત્રાલય પાસે, આવેલ માણેકસ્થંભ ફલેટમાં માણેકસ્થંભ એપાર્ટમેન્ટ બનાવનાર ભાગીદારો પૈકી પીનાકીનભાઈ નાગરદાસભાઈ ચિતલીયાએ માણેકસ્થંભ ફલેટ ધારકોની કોમન જગ્યામાં બનાવેલ ઓફિસ રૂમમાં ગેરકાયદેસર રીતે કબ્જો કરીને અન્ય ભાગીદારોએ આપેલ કુલ મુખત્યારનામાનો ગેર ઉપયોગ કરીને આ ઓફિસ રૂમનો પીનાકીનભાઈ નાગરદાસભાઈ ચિતલીયા એચ.યુ.એફ.ના નામે વેચાણ દસ્તાવેજ તા. ૨૨/૧૨/૨૦૧૨ના રોજ અનુક્રમ નં.૪૦૨૩ થી અમરેલી સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને તથા ભાગીદારી ફેરફાર થયા બાદ પણ કુલ મુખત્યારનામાનો ગેરઉપયોગ કરીને સુધારા દસ્તાવેજ તા. ૧૨/૦૩/૨૦૧૯ ના રોજ અમરેલી સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવીને તેમના આધારે અમરેલી સીટી સર્વે કચેરીમાં ખોટી રીતે તેમના નામે નામ દાખલ કરવા કાર્યવાહી કરીને તથા ગેરકાયદેસર રીતે વીજ કનેકશન મેળવીને આ ઓફીસરૂમ હડપ કરેલ છે, જે માણેકસ્થંભ ફલેટ ધારકોની મજમુ કોમન જગ્યા છે. અને બધા ફલેટ ધારકો / દસ્તાવેજ ધારકો મજમુ જગ્યા મેળવવા માટે તેમના ભાગીદારોને આ સંબંધી રજુઆતો કરેલ હોય, જેથી આ વેચાણ દસ્તાવેજ રદ કરવા સંબંધી તેમની સામે તેમના અન્ય ભાગીદારોએ નામદાર અમરેલી સિવીલ કોર્ટમાં ૧૬/૨૦૨૪ થી દાવો દાખલ થયેલ છે જે પેન્ડીંય છે તેમજ ભાગીદારોએ આપેલ કુલમુખત્યાર નામનો ગેરઉપયોગ કરીને માણેકસ્થંભ ફલેટ પૈકી ફલેટ નં.૯૦૩ માં વેચાણ દસ્તાવેજમાં ઉપરની છત / અગાસીની માલીકી હોવાનો ઉલ્લેખ કરીને ખોટી રીતે આ ફલેટ ઉપર રહેલ છત / અગાસીનો ગેરકાયદેસર કબ્જો કરવા પ્રયત્ન કરેલ હોય, જે સંબંધે અમો માણેકસ્થંભ ફલેટ ધારકો નામદાર સીવીલ કોર્ટમાં ૧૦૨/૨૦૨૪થી દાવો દાખલ કરેલ છે તથા ફોજદારી ફરીયાદ કરવા કાર્યવાહી કરી રહેલ હોય, દરમિયાનમાં આ પીનાકીનભાઈ નાગરદાસભાઈ ચિતલીયા ઉપરોકત ઓફીસ રૂમ વાળી જગ્યા તથા માણેકસ્થંભના ફલેટ નં.૯૦૩ વાળો ફલેટ વેચાણ કરવા તજવીજ કરી રહેલ હોય, જેથી અમારે જાહેર જનતાને જાણ કરવા અને ચેતવણી આપવા માટે હાલની આ જાહેર નોટીસ આપવાની ફરજ પડેલ છે. અને નામદાર કોર્ટ સમક્ષ ઉપરોકત બન્ને મેટર પેન્ડીંગ છે.

જેથી તે સંબંધી લાગતા વળગતાઓને અગર તો ઉપરોકત જણાવ્યા મુજબની ઓફીસ રૂમ / ફલેટની મિલ્કત અમારી જાણ બહાર કોઈપણ પ્રકારની અમારા હક્ક-હિતને નુકશાન થાય તેવી પ્રવૃતિમાં જે કોઈ ખોટી રીતે સાથ સહકાર આપશે તેઓની સામે ધોરણસરની કાર્યવાહી કરશું તથા સદરહું મિલ્કત બાબતે તથા અમારા હકક હિત બાબતે તેઓની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી યોગ્ય કોર્ટમાં કરવામાં આવશે તેમજ કાનુની રાહે તથા ફોજદારી રાહે કડક પગલા લેવામાં આવશે અને જેમાંથી ઉદભવતા સઘળા ખર્ચ અને પરીણામોની જવાબદારી જે તે શખ્સની રહેશે. જેની જાહેર જનતા તથા લાગતા વળગતાઓને ખાસ તથા ગંભીર નોંધ લેવા વિનંતી.

તા.૨૩-૦૭-૨૦૨૫.
**સ્થળ :** અમરેલી

લી.
**માણેકસ્થંભ એપાર્ટમેન્ટના ફલેટ ધારકો**

# અમરેલી : મહિલા કોલેજ ખાતે "સ્વ.પ્રો.એન.કે. ત્રિવેદી વ્યાખ્યાનમાળા" અંતર્ગત દ્વિતીય મણકારૂપ સ્મૃતિ વ્યાખ્યાન યોજાયુ






અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અમરેલી ખાતે તા. ૨૨/૭/૨૦૨૫ના રોજ અંગ્રેજી વિભાગ દ્વારા કોલેજના આદ્ય સ્થાપક, આચાર્ય અને અંગ્રેજી સાહિત્યના વિદ્વાન સ્વ.પો.એન.કે. ત્રિવેદીની સ્મૃતિવંદના રૂપે આયોજીત વ્યાખ્યાનમાળા અંતર્ગત દ્વિતિય મણકારૂપ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષના વ્યાખ્યાનનો વિષય "Trends and Themes in Contemporary India English Fiction" (સમકાલીન ભારતીય અંગ્રેજી સાહિત્યમાં વલણો અને થીમ) હતો. આ વ્યાખ્યાનમાળામાં વકતા તરીકે સાવરકુંડલાની વી.ડી. કાણકિયા આર્ટ્સ અને એમ.આર. સંઘવી કોમર્સ કોલેજના અંગ્રેજીના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. હાર્દિકભાઈ એમ. ઉદેશી ઉપસ્થિત રહી વિવેચનાત્મક સૂઝ સાથે વ્યાખ્યાન આપ્યું અને 'સમકાલીન ભારતીય અંગ્રેજી સાહિત્ય' વિષય પર વિદ્યાર્થીઓ સાથે બોધ્ધિક ચર્ચા કરી, જેમાં તેમણે ભારતીય અંગ્રેજી સાહિત્યમાં સમૃધ્ધ ઈતિહાસનો ઉલ્લેખ કર્યો અને સલમાન શરદી, અરૂંધતી રોય, અમિતાવ ઘોષ જેવા સમકાલીન લેખકોનો ઉપયોગ કર્યો અને ભારતીય અંગ્રેજી સાહિત્યના બદલાતા વાતાવરણ વિશે મનનીય વકતવ્ય આપ્યું. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપપ્રાગટયથી થઈ. ત્યારબાદ આમંત્રિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયતએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કરી પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્વર્ગીય પો.એન.કે ત્રિવેદીના સદ્ગુણો તથા મોંઘીબા મહિલા કોલેજ માટેના તેઓના યોગદાન વિષયક સંસ્મરણો વાગોળ્યા હતા. ત્યારબાદ અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક ડો. ગિરીશભાઈ ભીમાણીએ પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્વ.ડો.અને.કે ત્રિવેદીની કાર્યનિષ્ઠા, અંગ્રેજી ભાષામાં તેઓનું પ્રદાન અને તેઓના ઉમદા વ્યકિતત્વ વિશે પ્રકાશ પાડયો હતો. વિભાગના વડા પ્રો. જૈમિન જોશીએ કન્સેપ્ટ નોટ આપીને વકતાનો પરિચય કરાવ્યો હતો. કોલેજના ટ્રસ્ટી કિશોરભાઈ મહેતા દ્વારા પ્રાયોજીત, સ્વ.પ્રો.એન.કે. ત્રિવેદીને સન્માનિત કરવા અને શ્રધ્ધાજંલિ અર્પવાના હેતુસર શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં ટી.વાય.બી.એ. મેજર અંગ્રેજી વિષયમાં કોલેજના પ્રથમ સ્થાન મેળવનાર કુ. નેહા ગોરધનભાઈ મારૂને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા વિદ્યાસભાના નિયામક ડો. ગિરિશભાઈ ભીમાણી તથા પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલીના સંસ્કૃત વિભાગના વડા પ્રો. વિજયભાઈ દેવની વિશેષ ઉપસ્થિત રહી હતી. મહેમાનોની પ્રેરક ઉપસ્થિતિમાં સ્વ. પ્રો.એન.કે. ત્રિવેદીના સુપુત્ર અને મોંઘીબા કોલેજના વહીવટી વિભાગના સંનિષ્ઠ કર્મચારી સ્નેહલભાઈ ત્રિવેદીનું સન્માન કરવામાં આવ્યું હતું. વ્યાખ્યાનના અંતે વિદ્યાર્થીનીઓ અને મહેમાન વકતા ડો. હાર્દિકભાઈ ઉદેશી વચ્ચે પ્રશ્નોતરીનું સત્ર યોજાયું હતું. અંગ્રેજી વિભાગના પ્રો. ભૂષણ જોશીએ આભારવિધિ કરી હતી. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના તમામ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

### સરહદ પર સંકલ્પનો સૂર્યોદય

# ભુપેન્દ્ર પટેલ રૂ. ૩૫૮.૩૭ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત/લોકાર્પણ કરશે

## નડાબેટ ખાતેથી ૧.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત સુઈગામ બસ સ્ટેશનનું લોકાર્પણ કરશે તથા ૧૧ નવીન બસોને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવશે

બનાસકાંઠા,તા. ૨૩

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના વરદહસ્તે ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ બનાસકાંઠાના સીમાવર્તી સુઈગામ - નડાબેટ ખાતેથી રૂ. ૩૫૮.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહુર્ત તથા લોકાર્પણ કરાશે. જેમાં ૩૦૨.૬૯ કરોડના વિવિધ કાર્યોનું ખાતમુહુર્ત તથા ૫૫.૬૮ કરોડના કાર્યોનું લોકાર્પણ કરાશે. આ વિકાસ કાર્યો થકી બનાસકાંઠાની વિકાસ ગતિને નવી રાહ મળશે. આરોગ્ય, શિક્ષણ, એનર્જી, રોડ- રસ્તા તેમજ શહેરી વિકાસના અનેક વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત નાગરિકોના જીવન ધોરણને ઉંચુ લાવવા મદદરુપ બનશે.

સરહદ પર સંકલ્પનો સૂર્યોદય નેમ હેઠળ મુખ્યમંત્રી ભુપેન્દ્રપટેલ સરહદી વિસ્તાર નડાબેટ ખાતેથી ૧.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત સુઈગામ બસ સ્ટેશનનું લોકાર્પણ કરશે તથા ૧૧ નવીન બસોને લીલીઝંડી આપીને પ્રસ્થાન કરાવશે. તેઓ ડીસા ખાતે ૬.૪૩ કરોડના ખર્ચે નવીન આધુનિક વર્કશોપનું ખાતમુહુર્ત કરશે. અવિરત અને ગુણવત્તાયુક્ત વીજપુરવઠો નાગરિકોને મળી રહે તે માટે રાજ્ય સરકાર કટીબધ્ધ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ રૂ. ૪૦.૭૭ કરોડના વીજ સબ સ્ટેશનોનું લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત કરશે. પાલનપુર, ડીસા, થરાદ, લાખણી તાલુકાઓમાં વીજ સબ સ્ટેશન બનવાથી નાગરિકોને ૨૪ કલાક વીજળી મળી રહેશે.

મુખ્યમંત્રી બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય સુખાકારી હેતુ રૂ.૮૭.૧૮ કરોડના ખર્ચે આરોગ્યને લગતા વિકાસ કામોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે. જેમાં ડીસા ખાતે જિલ્લા કક્ષાની રૂ. ૮૦ કરોડના ખર્ચે સિવિલ હોસ્પિટલનું નિમાર્ણ થશે. જયારે થરાદ તાલુકામાં ૦૬ પેટા આરોગ્ય કેન્દ્રનું નિર્માણ થશે. જયારે દિયોદર ખાતે આરોગ્ય કેન્દ્ર અને પાલનપુર ખાતે અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટર પ્રજા માટે ખુલ્લુ મુકવામાં આવશે. તેઓ ધાનેરા તાલુકા પંચાયતના નવનિર્મિત ભવનનું પણ લોકાપર્ણ કરશે.

રાજય સરકાર દ્વારા જિલ્લાના મુખ્ય મથક પાલનપુર ખાતે મોડલ ફાયર સ્ટેશન બનાવવા રૂ. ૯.૫૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે જે મોડલ ફાયર સ્ટેશનનું ખાતમુહુર્ત કરાશે. ડીસા ખાતે ૧૮.૫૬ કરોડના ખર્ચે ટાઉન હોલનું નિમાર્ણ થશે. જયારે ૯.૨૪ કરોડના ખર્ચે ૫૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવશે જેનું મુખ્યમંત્રીના હસ્તે ખાતમુર્હુત કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ નડેશ્વરી માતાના દર્શન કરશે તથા નડાબેટ BOP ખાતે બી.એસ.એફ જવાનો સાથે સંવાદ કરશે. તાજેતરમાં જ ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ બી.એસ.એફ જવાનોએ ખડેપગે રહીને આપણા દેશની સીમાઓ સુરક્ષિત કરી છે ત્યારે દેશની સુરક્ષા માટે સતત પરિશ્રમ કરતા જવાનો સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્ર સંવાદ કરશે.

# સોનામાં ભાવ રૂપિયા ૧૦૦૦ ઉછળી નવી ઐતિહાસિક ટોચે

નવી દિલ્હી, તા. ૨૩

વૈશ્વિક સ્તરે અનિશ્ચતતાના વાદળો વચ્ચે સોના-ચાંદીના ભાવ ફરી એકવાર ઊંચકાયા છે. છેલ્લા બે-ત્રણ દિવસથી રૅકોર્ડ સ્તરે ક્વોટ થઈ રહેલા સોનાના ભાવ આજે ઉછળી ફરી નવી ઐતિહાસિક ટોચે પહોંચ્યા છે. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ વચ્ચે ટેરિફની ચીમકીથી કિંમતી ધાતુમાં તેજી આવી છે. ઈક્વિટી, ફોરેક્સ માર્કેટમાં વોલ્યુમ ઘટતાં હેજિંગ માટે સોના-ચાંદીમાં રોકાણ વધ્યું છે. અમદાવાદમાં આજે સોનાનો ભાવ રૂ. ૧૦૦૦ ઉછળી રૂ. ૧૦૩૫૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ઓલ ટાઈમ હાઈલ્ન સપાટીએ પહોંચ્યો છે. ૯૯૫ સોનાની કિંમત પણ રૂ. ૧૦૦૦ વધી રૂ. ૧૦૩૨૦૦ પ્રતિ ૧૦ ગ્રામની ટોચે પહોંચી છે. ચાંદી પણ રૂ. ૨૫૦૦ ઉછળી રૂ. ૧૧૭૫૦૦ પ્રતિ કિગ્રાની રૅકોર્ડ ટોચે પહોંચી છે. અમેરિકા-ઈયુ વચ્ચે ટ્રેડ ડીલ થવાની શક્યતાઓ ઘટતાં વૈશ્વિક અનિશ્ચિતતા સર્જાઈ છે. ભારત અને અમેરિકા વચ્ચે પણ ટ્રેડ ડીલ અંતિમ તબક્કામાં હોવા છતાં હજી કોઈ પરિણામ આવ્યું નથી.

યુએસ-જાપાનની ડીલની જાહેરાત બાદ વૈશ્વિક સ્તરે સોનાના ભાવમાં નજીવુ કરેક્શન જોવા મળ્યું હતું. આજે ઈન્ટ્રા ડે ૩૪૫૧.૭૦ ડૉલર પ્રતિ ઔંસની સપાટીએથી સોનું ૬.૮૦ ડૉલર તૂટી ૩૪૩૬.૬૦ ડૉલર પ્રતિ ઔંસ પર ક્વોટ થઈ રહ્યું હતું. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પના ટેરિફ બોમ્બ સામે વિવિધ દેશો સાથે સમાધાન થવાની જાહેરાતો આર્થિક સ્થિરતાના સંકેત આપે છે. આજે અમેરિકા અને જાપાને ૧૫ ટકા ટેરિફ સાથે ટ્રેડ ડીલ પર સહમતિ અન્ય દેશો માટે આશાનું કિરણ બન્યું છે. વધુમાં સોના-ચાંદીના રૅકોર્ડ ભાવોના કારણે પ્રોફિટ બુકિંગ વધવાની શક્યતા છે. પરિણામે આગામી સમયમાં સોના-ચાંદીના ભાવમાં નજીવુ કરેક્શન નોંધાવાની સંભાવના કોમોડિટી નિષ્ણાતોએ વ્યક્ત કરી છે.

# દિવાસાનું મહત્વ

અમરેલી, તા. ૨૩

૧૦૦ પરબનો માસો જીવનમાં શુકનવંતા લાવતા દિવસો અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ કરાવનાર વ્રત દિવાસો દિવાસા પછી તરતજ શ્રાવણ માસ શરૂ થાય છે. શીતળા સાતમ, રક્ષાબંધન, શ્રાવણી સોમવાર, બોળ ચોથ, નાગપંચમી, રાંધણછઠ, શીતળ ાસાતમ, જન્માષ્ટમી અને પારણા નવમી જેવા ધાર્મિક તહેવારો આવે છે તથા ૧૫ મી ઓગસ્ટ રાષ્ટ્રીય તહેવાર પણ આવેછે. એવરત જીવરત વ્રત દિવસોનું જાગરણ ૩૬ કલાકનું હોય છે એટલે કે બે રાત્રિ અને એક દિવસનું જાગરણ હોય છે.

દિવાસામાં અખંડ સૌભાગ્યવતી સ્ત્રીઓ શંકર પાર્વતીનું પૂજન કરેછે. શંકર ભગવાનની લીંગ ઉપર અબીલ, ગુલાલ, કંકુને અક્ષત. અક્ષત એટલે કે ચોખા. ચંદન, ફુલહાર, પંચમૃત, બિલીપત્ર વગેરે ચડાવે છે અને શંકર ભગવાનની પૂજા કરે છે. તેવી જ રીતે પાર્વતીજીની પણ નાગલા, ચુંદડી, અબીલ, ગુલાલ, કંકુ, ચોખા, ફૂલ, ફૂલહાર, ચંદન વગેરેથી માતાજીની પૂજા કરે છે તથા માતાજીને શણગાર કરે છે. સૌભાગ્યવતીનો શણગાર માતાજીને ધરે છે તથા સ્ત્રીઓ એવરત જીવરતમાં વિજયા માતાજીનું સ્થાપન કરે છે. ત્યારે માતાજીના ફોટા રાખેછે. ચાર માતાજીના ફોટા રાખે છે. માતાજીની પૂજા કરે છે. જવારા વાવેછે તથા દિવાસામાં એકટાણું કરેછે. કોઈ એક મિષ્ટાન્ન બનાવેછે અને બપોરે એક ટાણું કરે છે. કોઈ સાંજે એકટાણું કરેછે તથા રાત્રે જાગરણ કરેછે. જાગરણમાં શંકર પાર્વતીજીના ગુણગાન ગાય છે. સત્સંગ કરે છે. આ વ્રતમાં જાગરણ કષ્ટવાળું છે પણ આ વ્રતનું ફળ ઉત્તમ છે. જાગરણના દિવસે દીપનું પણ ખૂબજ મહત્વ છે. જાગરણના દિવસે દીવો અખંડ રાખવામાં આવે છે. રાત્રે અખંડ દીવો રાખવામાં આવે છે. આવી રીતે અખંડ દીવાસામાં ખૂબજ મહત્વ છે. દિવાસો આનંદ સાથે દિવસો લાવે છે.

દિપ્તિબેન પી. રાવલ
આમ્રપાલી સોસાયટી, આંબેશ્વર
મંદિર પાસે, પોરબંદર રોડ
ઉપલેટા-જિ.રાજકોટ

### સ્વ.રોટે.જયસુખ જોગાણી અને સ્વ.ભવિન અડાલજાની સ્મૃતિમાં

# રોટરી કલબ ઓફ અમરેલી દ્વારા રોટરી ચબુતરોનું નિર્માણ કરવામાં આવ્યું

### મુકબધ્ધિર શાળામાં નિર્માણ કરાયું





અમરેલી, તા.૨૩

રોટરી કલબ ઓફ અમરેલી ગીર દ્વારા પૂર્વસદસ્યો 'સ્વ. રોટે. જયસુખ જોગાણી' તથા 'સ્વ. રોટે. ભવિન અડાલજા' ના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિરૂપે એક વિશિષ્ટ પ્રોજેકટ – 'રોટરી ચબૂતરો' નો નિર્માણ મુકબધિર શાળા, અમરેલીના મેદાનમાં કરવામાં આવ્યો છે.

આ યાદગાર પ્રોજેકટનું લોકાર્પણ '૧૯મી જુલાઈ ૨૦૨૫ના રોજ' તેમના પરિવારજનોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રોટરી કલબના સભ્યો, શાળા સ્ટાફ તથા દાતાઓની ઉપસ્થિતિ રહી હતી.

આ ચબૂતરો ન માત્ર પક્ષીઓ માટે આરામદાયક આશરો પુરો પાડશે, પણ સાથે જ પર્યાવરણ પ્રેમ અને સમર્પિત રોટરી ભાવનાનું પ્રતિબિંબ પણ હશે.

આ તકે રોટરી કલબ ઓફ અમરેલી ગીર તમામ 'દાતાઓનો હૃદયપૂર્વક આભાર' માનીએ છે, જેમના ઉદાર દાન દ્વારા આ પ્રોજેકટ શકય બન્યો.

આ ચબૂતરો આજથી ભાવિ પેઢી માટે એક મૂલ્યવાન વારસો બની રહેશે – 'જયાં નિ : શબ્દ શાળાના ગ્રાઉન્ડમાં પક્ષીઓનો કૂજતાં સંગીત અને પ્રેમભરી યાદો સાથે સંવાદ થશે.'

# ગુજરાતમાં ફરી ધોધમાર વરસાદની આગાહી, ૬ દિવસ મેઘો મંડાશે

અમદાવાદ,તા. ૨૩

ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં વરસાદી માહોલ છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૨૯ જુલાઈ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. જેમાં ૨૭-૨૮ જુલાઈના રોજ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદને લઈને હવામાન વિભાગે યલો-ઍલર્ટ જાહેર કર્યુ છે.

હવામાન વિભાગની આગાહી મુજબ, ૨૪-૨૫ જુલાઈના રોજ છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે ૨૬ જુલાઈએ અમરેલી, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, છોટા ઉદેપુર, પંચમહાલ, મહીસાગર, દાહોદ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યુ છે.

૨૭ જુલાઈએ દાહોદ, પંચમહાલ, છોટા ઉદેપુર જિલ્લામાં ગાજવીજ સાથે અતિભારે વરસાદને લઈને ઑરેન્જ ઍલર્ટ અને ૨૩ જિલ્લામાં હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યુ છે. જેમાં રાજકોટ, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, અમદાવાદ, ભાવનગર, ખેડા, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં ભારે વરસાદની આગાહી છે.

રાજ્યમાં આગામી ૨૮ જુલાઈના રોજ ૨૭ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.`માં બનાસકાંઠા, સાબરકાંઠા અને મહેસાણામાં ઑરેન્જ ઍલર્ટ અને કચ્છ, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, અમદાવાદ, આણંદ, ખેડા, ગાંધીનગર, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કર્યુ છે.૨૯ જુલાઈએ કચ્છ, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, નવસારી, વલસાડ જિલ્લામાં ભારે વરસાદને લઈને હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યુ છે.

# અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં 'વેલકમ-ડે' ઉજવાયો






અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજ અમરેલીમાં આજરોજ તારીખ ૨૩/૭/૨૦૨૫ના રોજ પ્રથમ સેમેસ્ટરમાં પ્રવેશ લેનાર વિદ્યાર્થીનીઓને આવકારવા અને સત્કારવા વેલકમ ડેની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં પ્રાર્થના દીપ પ્રાગટયથી થઈ હતી. ત્યારબાદ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો. ગિરીશભાઈ વેલિયત કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. તેમજ પ્રાસંગિક ઉદ્બોધનમાં સ્ટાફ તથા સંસ્થાનો પરિચય આપી સંસ્થામાં વિવિધ પ્રવૃતિઓની વાત કરી હતી. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના વિદ્યાસભાના નિયામક ડો. ગિરીશભાઈ ભીમાણીની ખાસ ઉપસ્થિતિ રહી હતી. તેઓએ પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત સહ અભ્યાસિક પ્રવૃતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો હતો તથા વિદ્યાર્થીઓને ઉજવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી. અમરેલી જિલ્લાની વિવિધ સંસ્થાઓમાંથી પધારેલ મહેમાનોમાં ખાસ કરીને અજમેરા ગર્લ્સ હાઈસ્કુલના આચાર્ય કંચનબેન બારૈયા હિતેશભાઈ ભાટુ, સરકારી સ્કુલના આચાર્ય દક્ષાબેન દેવાણી, જીજીબેન ફોવર્ડ ગર્લ્સ હાઈસ્કુલના જસ્મીનાબેન ખંધેડીયા, ચિતલ હાઈસ્કુલમાંથી કૌશિકભાઈ તથા રમીલાબેન બાંભણિયા વગેરેની પ્રેરક ઉપસ્થિતિ એ કાર્યક્રમને સંચાલન સંસ્કૃત વિભાગના અધ્યક્ષ પ્રા. ડો. વિલાસબેન સોરઠીયા તથા વિદ્યાર્થીની ચાવડા ધર્મિષ્ઠા તથા કલસારા દષ્ટિ દવારા આભાર દર્શન ગુજરાતી વિભાગના અધ્યક્ષા ડો. નિરૂપાબેન ટાંક ધ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે તમામ સ્ટાફ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.




## બિસ્માર માર્ગો, શિક્ષણ, આરોગ્ય, રખડતા પશુઓ, અનિયમિત વીજળી જેવી અગણિત સમસ્યાઓ

# જો જિલ્લાની જનતા જાગે તો દરેક સમસ્યા ભાગે

**સરપંચથી લઈને સાંસદ અને તલાટી મંત્રીથી લઈને જિલ્લા કક્ષાનાં અધિકારીઓને પ્રશ્ન કરવા જરૂરી**

**માત્ર 'સેલ્ફી' લેવાથી કે હા એ હા કરવાથી ક્યારેય કોઈ સમસ્યાનું સમાધાન થવાનું નથી**

**જિલ્લાનાં ખેડૂતો, પશુપાલકો, બેરોજગાર યુવાનો, મહિલાઓ, વેપારીઓ સહન કરવાને બદલે સવાલ કરે તે જરૂરી**

**લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો સિવાય અન્ય કોઈ સર્વોપરી હોય ન શકે**

અમરેલી, તા.૨૩

અમરેલી જિલ્લામાં આઝાદીનાં ૭૭ વર્ષ બાદ પણ બિસ્માર માર્ગો, અપુરતી વીજળી, શાળામાં શિક્ષકોનો અભાવ, સરકારી દવાખાનાઓમાં ડોકટરની કમી, અનેક ગામોમાં એસ.ટી. બસ ન આવવી, ગૌચરણ જમીન અને જાહેર જમીનમાં દબાણ, સરકારી કચેરીઓમાં અનિયમિતતા, બેરોજગારી, અપુરતુ વેતન, વ્યાજખોરી, ગુંડાગીરી જેવી અસામાજિક પ્રવૃત્તિઓ, રખડતા પશુઓ સહિતની અનેક સમસ્યાઓનું નિરાકરણ થયું નથી. કારણ કે જિલ્લાની અમુક જનતાને બાદ કરતાં મોટાભાગની જનતા શાસકોને સવાલ કરવાનું ભૂલીને સહન કરવાનું શીખી ગઈ છે.

ગામનાં તલાટી મંત્રીથી લઈને જિલ્લા કક્ષાનાં અધિકારી અને સરપંચથી લઈને સાંસદને જનતાએ તેમનાં પ્રશ્નો અંગે સવાલ કરવા જોઈએ અને લોકશાહી શાસન વ્યવસ્થામાં લોકો જ સર્વોપરી હોય છે. અધિકારી હોય કે પદાધિકારીને જનતાનાં સેવક માનવામાં આવે છે. કારણ કે જનતાનાં પરસેવાનાં પૈસાથી ભરાતા કરવેરામાંથી જ અધિકારીઓ અને પદાધિકારીઓને પગાર-ભથ્થા સહિતની સુવિધાઓ મળતી હોય છે.

દેશમાં વર્ષો સુધી ગુલામીમાં રહ્યો હોય એટલે જ દેશને

અનુસંધાન પાના ૬ ઉપર

### ભાજપ કિસાન મોરચાનાં મહામંત્રી હિરેન હિરપરા દ્વારા

## રાજુલા-જાફરાબાદનો ૬૨ કિ.મી.નો દરિયા કિનારો ઉદ્યોગો માટે વિકસિત કરવા માંગ

**પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો**

અમરેલી, તા.૨૩

ગુજરાત રાજયના અમરેલી જિલ્લાને કુદરતે અ-માપ વિકાસની તકો આપી છે. કુદરતી સ્ત્રોતોનો ઉપયોગ કરીને દરિયા કિનારાના ઉદ્યોગો અને ધાર્મિક પ્રવાસનને વેગ આપવામાં આવે તો, રોજગારીના અભાવે જે સ્થળાંતર અમરેલી જિલ્લામાંથી થઈ રહ્યું છે. તેને રોકી શકાય અને અમરેલી જિલ્લાને ભાંગતો બચાવી શકાય. આ માટે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર લખીને ગુજરાત ભાજપના કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી અને અમરેલી જિલ્લા ભાજપનાં પૂર્વ પ્રમુખ હિરેન હિરપરાએ રજૂઆત કરી છે.

હાલ પીપાવાવ ખાતે ખાનગી પોર્ટ છે. જે દેશમાં આયાત-નિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે. અંગ્રેજોના સમયમાં વિકટર બંદર હતું, આ વિકટર બંદરનો વિકાસ કરવામાં આવે તો ફરી આ બંદર ધમધમતું થાય. આ ઉપરાંત ચાંચ બંદર અને ધારા બંદરને નવા પોર્ટ-બંદર તરીકેનો વિકાસ કરવામાં આવે, તો દુનિયાના નકશામાં રાજુલા-જાફરાબાદ અને અમરેલી જિલ્લો વ્યાપારનું મોટું કેન્દ્ર બને તેમ છે. આ ઉપરાંત પોર્ટના વિકાસ સાથે લોજીસ્ટીક પાર્ક અને કોલ્ડ સ્ટોરેજ હબ બને, ફીશ, ફળો, શાકભાજી વગેરે માટે ફ્રોઝન સ્ટોરેજ યુનિટોની પણ શકયતાઓ રહી છે. આ ક્ષેત્રનો વિકાસ કરવામાં આવે તો ખુબ મોટા પ્રમાણમાં



રોજગારી તકો ઉભી થાય.

આ ઉપરાંત રાજુલા-જાફરાબાદ ખાતે મરીન અને ઈકો ટુરીઝમની સંભવાનાઓ રહેલી છે. ચાંચ બંદર પાસે આવેલ મહારાજા કૃષ્ણ કુમારસિંહજીનો ૧૦૮ રૂમનો હવા મહેલ, દરિયામાં આવેલ શિયાળબેટ ટાપુને ટુરીઝમમાં સમાવેશ કરેલ છે. તેનો વિકાસ અને સ્થાનિક લોકોને હોમ સ્ટે પોલીસી અંતર્ગત પ્રવાસનને મદદ અને રોજગારી ઉભી થાય તેમ છે. આ ઉપરાંત જાફરાબાદના સરકેર મહાદેવ મંદિર અને બીચને પ્રવાસન અંતર્ગત સાંકળવામાં આવ્યા છે. તેનો ઝડપી અને ટકાવ વિકાસ કરીને બીચ તેમજ રિસોર્ટ, બોટ રાઈડિંગનો વિકાસ કરી શકાય તેમ છે.

વિશાળ દરિયાકિનારો અને રાજુલા-જાફરાબાદ સાગર ખેડૂતોને માચ્છીમારીમાં પૂરતા ભાવો મળે અને આ વ્યવસાયનાં વિકાસની સંભાવનાઓ વ્યાપક છે. અહિ ફિશ પ્રોસેસિંગ પ્લાન્ટ ફ્રોઝન ફૂડ એકસપોર્ટ યુનિટ, ફિશ ફિડ પ્લાન્ટના ઉદ્યોગોની શકયતાઓ છે. તો આ દિશામાં આ ઉદ્યોગો માટે G.I.D.C. અને નવા સ્થપાનાર ઉદ્યોગોમાં લોન / સહાય વિજળી સહાય વિશેષ આપવા માટે રજૂઆત કરી છે.

રાજુલા-જાફરાબાદનાં યુવાનો ઉપરાંત અને દેશના યુવાનો માટે મરીન વ્યવસાયમાં રોજગારીની તકો રહેલી છે. ત્યારે મરીન સ્કીલ યુનિવર્સીટી કે ઈન્સ્ટીટયુટ ઓફ મરીન એજયુકેશન સ્થાપવામાં આવે તો માછીમારી, શીપ રીપેરીંગ, નૌકાવિહાર, મરીન બાયોટેક, દરિયાઈ લોજીસ્ટીક વગેરે માટે તાલીમ - અભ્યાસ આપીને રોજગારી માટે એજયુકેશન હબ રાજુલા-જાફરાબાદ બની શકે છે.

રાજુલા-જાફરાબાદનો દરિયાકિનારો સૌરાષ્ટ્રના મધ્યમાં આવે છે, અને વ્યુહાત્મકતા ધરાવે છે. આ વિસ્તાર ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સામાજિક - આર્થિક રીતે સૌથી પ્રભાવશાળી વિસ્તાર છે. કોસ્ટલ ડેવલપમેન્ટ, સાગરમાલા પ્રોજેકટ, રેલ્વે અને કોસ્ટલ હાઈવે થકી ભાવનગર, ધોલેરા જેવા બંદરો અને પોર્ટ સાથે સાંકળી શકાય તેમ છે. આ બાબતે ગુજરાત ભાજપ કિસાન મોરચાના પ્રદેશ મહામંત્રી અને અમરેલી જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ હિરેન હિરપરાએ દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને પત્ર પાઠવી રજૂઆત કરી.

### સરપંચ પતિ સહિત ત્રણ સામે ફરિયાદ

## ચમારડી ગ્રામ પંચાયતનાં મહિલા સદસ્ય અને તેના પતિને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યા

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા.૨૩

બાબરા તાલુકાના ચમારડી ગામે રહેતા કોમલબેન સુરેશભાઈ દાફડા ચમારડી ગ્રામ પંચાયતનાં સભ્ય હોય. જેથી ગત તા. ૨૧નાં બપોરનાં ત્રણેક વાગ્યે તેણી તથા તેમના પતિ સુરેશભાઈ ચમારડી ગ્રામ પંચાયત ઓફિસે ગયેલ હતા. ત્યારે ચમારડી ગામનાં સરપંચનાં પતિ જીવનભાઈ વેલજીભાઈ નામના આરોપીએ તેણીને દુર બેસવાનું કહી તથા આરોપી નરેશભાઈ ભવાનભાઈએ તેણીને તથા તેણીના પતિને કહેલ કે આવા લોકોને અહી શું કામ આવવા દયો છો તેમ કહી હાજર આરોપી ધીરૂભાઈ જીવરાજભાઈએ તેણીને કહેલ કે તમારે જયાં જવું હોય ત્યાં જજો તમારી કોઈ ફરિયાદ નહી સાંભળે તેમ કહી ત્રણેય આરોપીઓ તેણીને બિભત્સ ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી પંચાયત ઓફિસમાં ઘરવાનું નહી તેમ કહી અપમાનીત કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### નમો લક્ષ્મી યોજના અન્વયે

## અમરેલી જિલ્લામાં વિદ્યાર્થીનીઓને ૧૯,૨૦૦થી વધુની આર્થિક સહાય

**''વિકસિત ગુજરાતથી વિકસિત ભારત'' ને સાકાર કરવાનું લક્ષ્યાંક**

અમરેલી, તા.૨૩

રાજયમાં શિક્ષણક્ષેત્રે છેલ્લા બે દશકામાં અનેક સકારાત્મક પરિવર્તનો આવ્યા છે. ભારત સરકારની નવી શિક્ષણ નીતિ ૨૦૨૦માં સમાન અને સર્વસમાવેશક શિક્ષણ પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે. આ સાથે વ્યવસાયિક શિક્ષણને પણ મહત્વ આપવામાં આવ્યું છે. આ સાથે ખાસ દીકરીઓ શિક્ષિત બને તે માટેની કેન્દ્ર-રાજય સરકારની યોજનાઓ પણ મહત્વપૂર્ણ રહી છે. તેવી જ એક યોજના છે, 'નમો લક્ષ્મી યોજના'.

અમરેલી જિલ્લામાં 'નમો લક્ષ્મી યોજના' અન્વયે વર્ષ ૨૦૨૪-૨૫માં ૧૯,૨૦૦થી વધુ વિદ્યાર્થિનીઓને ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફરના માધ્યમથી શિક્ષણમાં આર્થિક સહાયનું વિતરણ કરવામાં આવ્યું છે.

વર્ષ ૨૦૨૪માં ગુજરાત સરકાર દ્વારા લક્ષ્મી સ્વરૂપા લાડલી દીકરીઓના પોષણ, આરોગ્ય અને શિક્ષણ માટે 'નમોલક્ષ્મી યોજના'ની જાહેરાત કરવામાં આવી હતી. આ યોજના રાજય સરકારની મહત્વાકાંક્ષી પહેલ છે. રાજયમાં દીકરીઓ ધોરણ ૮ બાદ શાળાકીય શિક્ષાથી વંચિત ન રહે ઉપરાંત ધોરણ ૯માં ડ્રોપઆઉટ રેશિયો ઘટે તે માટે આ યોજના મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે.

ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્ર (બજેટ)માં પ્રથમ સ્તંભ હેઠળ સામાજિક સુરક્ષાને કેન્દ્રમાં રાખીને વંચિતોના વિકાસની વાતની સાથે દ્વિતીય સ્તંભમાં માનવ સંસાધન વિકાસ પર પણ ભાર આપવામાં આવ્યો છે. આ અન્વયે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષાને વધુ પ્રોત્સાહન માટે ગુજરાત સરકાર દ્વારા નમોલક્ષ્મી યોજના માટે કુલ રૂા. ૧૨૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

આ યોજના અન્વયે ધોરણ ૯ અને ૧૦માં અભ્યાસ કરતી કિશોરીઓને રૂા. ૨૦,૦૦૦ની આર્થિક શિક્ષા સહાય પુરી પાડવામાં આવે છે. ઉપરાંત ધોરણ ૧૧ અને ૧૨ માટે કુલ રૂા. ૩૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. આમ, વિદ્યાર્થિની ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે ત્યાં સુધીમાં

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)